RNI Reg. GUJGUJ/2010/44893

યોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

સુવિચાર

વિશ્વાસ અને મહેનત જ બે સફળતાના સૌથી મોટા શસ્ત્રો છે...

મોરબી રોડ પર શાંતિકુંજ સોસાયટીમાં શેઠના મકાનમાંથી રૂ.૧૭.૬૦ લાખની ચાંદી ચોરનાર નોકર ઝડપાયો P-4

Year-16, Issue-216 ■ DATE : 25-12-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

૩૫૦૦ કી.મી. સુધી પ્રહાર કરી શકવાની ક્ષમતા ધરાવતા K-4 બેલેસ્ટીક મિસાઇલનું સફળ પરિક્ષણ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ભારતીય સેનાની પ્રહારક ક્ષમતા વધુ મજબૂત બનાવવાના ધ્યેય સાથે આજે ૩૫૦૦ કી.મી.ની પ્રહાર ક્ષમતા ધરાવતુ કે-કોર બેલેસ્ટીક મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ૧૭ ટન વજનના આ મિસાઈલ પરિક્ષણથી ભારતની સમુદ્રી હુમલાની તાકાત પણ વધશે.

પરમાણુ હથિયાર પણ વહન કરી શકતા બેલેસ્ટીક મિસાઈલ અરિહંત ક્લાસ સબમરીન મારફત કરવામાં આવ્યું હતું અને અત્યંત ગુપ્ત રીતે આ પરિક્ષણ થયું હતું. ખાસ કરીને ભારત દ્વારા થઈ રહેલા મિસાઈલ પરિક્ષણ પર ચીનની સતત નજર છે.

આ ક્ષેત્રમાં ચીનના જાસૂસી જહાજો પણ સતત મોજૂદ હોય છે તેથી પુર્વ નિર્ધારિત જાહેરાત કર્યા વગર જ આ પરિક્ષણ કરાયું હતું જેના કારણે ભારતની સમુદ્ર આધારિત અણુપ્રહાર ક્ષમતા વધુ મજબુત બની છે. જેને સેકન્ડ સ્ટ્રાઈક તરીકે ઓળખવામાં આવે છે.

દુશ્મન દેશના હુમલા પછી જવાબી કાર્યવાહીમાં આ હુમલા થઈ શકે છે. કે-કોર મિસાઈલની વિશેષતા એ છે કે તે પુર્ણ રીતે ભારતમાં જ તૈયાર કરાયુ છે અને ખાસ કરીને દેશની અણુસબમરીનની અનુરૂપ આ મિસાઈલ પ્રણાલી છે. જે ૩૫૦૦ કી.મી. સુધીની પ્રહાર ક્ષમતા ધરાવે છે. ૧૨ મીટર લંબાઈનું ૧.૩ મીટરનો વ્યાસ ધરાવતુ આ મિસાઈલ ૧૭ ટન વજનનું છે અને પાણીની નીચેથી જ તેનો પ્રહાર કરી શકાય છે.

કર્ણાટકમાં બસ અને કન્ટેનર વચ્ચે અકસ્માતમાં ૨૦ મુસાફરો જીવતા ભુંજાયા

અકસ્માત એટલો ભયાનક અને હિંસક હતો કે મુસાફરોને સ્વસ્થ થવાનો મોકો પણ ન મળ્યોઃ અકસ્માત સમયે બસમાં ૩૨ યાત્રીઓ મુસાફરી કરી રહ્યા હતા

મુખ્ય સમાચાર, ચિત્તદુર્ગ

કર્ણાટકના ચિત્તદુર્ગ જિલ્લાના હિરિયુર તાલુકામાં ગુરૂવારે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોતની આશંકા છે. આ અકસ્માત નેશનલ હાઈવે ૪૮ પર ગોરલાથુ ક્રોસ પાસે થયો હતો જ્યારે એક સ્લીપર બસ સામેથી આવતી લારી સાથે અથડાઈ હતી. ટક્કર બાદ બસમાં આગ લાગી ગઈ હતી, જેના કારણે ઘણા મુસાફરો અંદર ફસાઈ ગયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, હિરિયુરથી બેંગલુરુ જઈ રહેલી એક લારી રોડ ડિવાઈડર ઓળંગીને બેંગલુરુથી શિવમોગા જઈ રહેલી બસ સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે સ્લીપર કોચ બસ રસ્તા પર જ આગમાં ભડકી ગઈ હતી. આ અકસ્માત એટલો અચાનક અને હિંસક હતો કે મુસાફરોને સ્વસ્થ થવાનો મોકો પણ ન મળ્યો. મળતી માહિતી મુજબ, બસ સી બ્રો નામની ખાનગી ટ્રાવેલ કંપનીની હતી. બસ એક કન્ટેનર વાહન સાથે અથડાતાં આ અકસ્માત થયો હતો. ટક્કર થતાં જ બસમાં વિસ્ફોટ થયો અને તે આગના ગોળામાં ફેરવાઈ ગઈ. અકસ્માત સમયે બસમાં કુલ ૩૨ મુસાફરો હતા. આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે ઘણા મુસાફરો બસની અંદર ફસાઈ ગયા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે સ્થાનિક લોકો સળગતી બસ પાસે લાચારીથી ઉભા છે.

અકસ્માત બાદ બસ સંપૂર્ણપણે આગમાં લપેટાઈ ગઈ હતી, જેના કારણે બચાવ અને રાહત કામગીરીમાં નોંધપાત્ર અવરોધ ઉભો થયો હતો. પોલીસે અહેવાલ આપ્યો છે કે ઘણા મુસાફરો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા, પરંતુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે ઓડિટ અને ઓળખ પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ સત્તાવાર મૃત્યુઆંક સ્પષ્ટ થશે. પ્રાથમિક તપાસ સૂચવે છે કે લારી ડ્રાઈવરની બેદરકારી અકસ્માતનું કારણ હતી. ટક્કર અને આગની તીવ્રતાને કારણે બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. ચિત્તદુર્ગના પોલીસ અધિક્ષક રણજીથે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને તેઓ વ્યક્તિગત રીતે તપાસનું નિરીક્ષણ કરી રહ્યા છે. હિરિયુર ગ્રામીણ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને અકસ્માતનું ચોક્કસ કારણ તપાસ હેઠળ છે.

અકસ્માતને કારણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૮ ના આ વ્યસ્ત વિસ્તારમાં ઘણા કલાકો સુધી ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. કાટમાળ સાફ કર્યા પછી, બળી ગયેલી બસને રસ્તા પરથી દૂર કરવામાં આવી અને બચાવ કામગીરી પૂર્ણ થયા પછી ધીમે ધીમે ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

Petrol & Diesel Rate

પેટ્રોલ	રૂ. ૯૪.૭૮/લીટર
ડીઝલ	રૂ. ૯૦.૧૬/લીટર
CNG	રૂ. ૮૪.૧૭/કિલો

	સોનુ	ચાંદી
Today Rate	(૧૦ ગ્રામ, ૨૪ કેરેટ)	(૧ કિલો)
	₹૧,૩૯,૩૦૦	₹૨,૩૪,૦૦૦
	+૩૨૦	+૧.૦૦૦

ડોલર	પાઉન્ડ
₹૮૯.૮૩	₹૧૨૧.૨૪

આર્મીના જવાનો ઈન્સ્ટાગ્રામ ચૂઝ કરી શકશે પણ પોસ્ટ નહીં કરી શકે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ભારતીય સેનાએ બદલાતા સમય અને ટેકનોલોજીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેની સોશિયલ મીડિયા પોલિસીમાં મોટો ફેરફાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે સૈનિકો અને અધિકારીઓને ઈન્સ્ટાગ્રામ જોવાની અને મોનિટર કરવાની છૂટ આપવામાં આવી છે. જોકે, તેઓ કોઈપણ પોસ્ટ પર લાઈક, શેર કે કોમેન્ટ કરી શકશે નહીં.

ભારતીય સેનાના તમામ યુનિટો અને વિભાગો માટે જાહેર કરાયેલી નવી માર્ગદર્શિકા મુજબ, સોશિયલ મીડિયાના ઉપયોગ અંગેના નિયમોમાં મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. હવે સૈનિકોને જાગૃતિ અને માહિતી મેળવવાના હેતુથી સોશિયલ મીડિયા કન્ટેન્ટ માત્ર જોવાની મંજૂરી આપવામાં આવી છે, પરંતુ સુરક્ષાના કારણોસર કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવા પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે એટલે કે સૈનિકો કોઈપણ પોસ્ટ પર લાઈક, શેર કે કોમેન્ટ કરી શકશે નહીં.

આ ઉપરાંત, સેનાએ ફેક ન્યૂઝ સામે લાલ આંખ કરી છે, જો કોઈ સૈનિકને સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતી કે ખોટી માહિતી જણાય, તો તેણે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓને જાણ કરવાની

રહેશે જેથી રાષ્ટ્રીય સુરક્ષા અને માહિતીની ચોકસાઈ જળવાઈ રહે.

તાજેતરમાં ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ 'ચાણક્ય ડિફેન્સ ડાયલોગ' દરમિયાન સૈનિકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન તેમને પૂછવામાં આવ્યું હતું કે, આજની 'જનરેશન-ઝેડ' ના યુવાનો સેનામાં જોડાવા માંગે છે, પરંતુ સેનાના શિસ્ત અને સોશિયલ મીડિયા વચ્ચે એક વિરોધાભાસ દેખાય છે. આના જવાબમાં જનરલ દ્વિવેદીએ કહ્યું કે, 'આ ખરેખર એક મોટો પડકાર છે. જ્યારે યુવાન કેડેટ્સ NDAમાં આવે છે, ત્યારે તેઓ સૌથી પહેલા પોતાના રૂમમાં છુપાવેલા ફોન શોધે છે. તેમને એ સમજાવતા ત્રણથી છ મહિના લાગી જાય છે કે ફોન વગર પણ જિંદગી છે.'

જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે આજના યુગમાં સ્માર્ટફોન એક અનિવાર્ય જરૂરિયાત બની ગયો છે. તેમણે આગળ કહ્યું કે, 'હું સૈનિકોને સ્માર્ટફોન વાપરવાની ક્યારેય ના નથી પાડતો. આપણે મોટાભાગે ફિલ્ડમાં હોઈએ છીએ. બાળકની સ્કૂલ ફી ભરવાની હોય, માતા-પિતાની તબિયત જાણવાની હોય કે પત્ની સાથે વાત કરવાની હોય, આ બધું ફોન દ્વારા જ શક્ય બને છે.'

સોશિયલ મીડિયા પર પ્રતિક્રિયા આપવા બાબતે આર્મી ચીફે જણાવ્યું કે, 'રિક્વેસ્ટ કરવું'(તરત જવાબ આપવો) અને 'રિસ્પોન્ડ કરવું' (વિચારીને જવાબ આપવો) એ બંને અલગ વાતો છે. તેમણે સમજાવ્યું કે, 'રિક્વેસ્ટ કરવું એટલે વગર વિચારે તરત જવાબ આપી દેવો, જ્યારે રિસ્પોન્ડ કરવું એટલે ગંભીરતાથી વિચારીને જવાબ આપવો. અમે નથી ઈચ્છતા કે અમારા સૈનિકો ઉતાવળમાં કોઈ પણ વિવાદ કે ચર્ચામાં ફસાય. તેથી જ તેમને 'X' જેવા પ્લેટફોર્મ પર માત્ર કોન્ટેન્ટ જોવાની મંજૂરી આપવામાં આવી છે, જવાબ આપવાની નહીં.''

INDUSIND બેંકમાં ૩.૧૯૦૦ કરોડથી વધુનું કૌભાંડ

મુખ્ય સમાચાર, મુંબઈ

એકાઉન્ટિંગ સંબંધિત બાબતો અંગે ઈન્ડસઈન્ડ બેંક સામે તપાસનો વ્યાપ વધ્યો છે.મુંબઈ સ્થિત ગંભીર ફોજરપિડી તપાસ કાર્યાલય એ ફેમાની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ ઈન્ડસઈન્ડ બેંકમાં ઔપચારિક તપાસ શરૂ કરી છે. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ લખાયેલા પત્ર બાદ તપાસ શરૂ થઈ હતી, જેમાં આંતરિક ડિસ્ક્લોઝર ટ્રેડ્સ સંબંધિત એકાઉન્ટિંગ જોખમોનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બેંકે તેની ફાઇલિંગમાં જણાવ્યું હતું કે કોર્પોરેટ બાબતોના મંત્રાલય હેઠળ એસએફઆઈઓ, ૨ જૂનના રોજ બેંક દ્વારા અહેવાલ કરાયેલા મુદ્દાઓ પર માહિતી માંગી રહ્યું છે, જેમાં આંતરિક ડિસ્ક્લોઝર, અપ્રમાણિત અન્ય સંપત્તિ/જવાબદારીઓ અને માઇક્રો ફાઇનાન્સ વ્યાજ/ફી આવકનો સમાવેશ થાય છે.

બેંકે ૧૮ ડિસેમ્બરના રોજ તેની માહિતી શેર કરી, સંપૂર્ણ સહયોગનું વચન આપ્યું અને તેની વેબસાઇટ પર વિગતો પોસ્ટ કરી. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ડિસ્ક્લોઝર અનિયમિતતાઓએ નફા અને નુકસાન ખાતા પર આશરે રૂ.૧,૯૬૦ કરોડનો પ્રભાવ પાડ્યો, જેના પરિણામે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં અહેવાલ કરાયેલ નેટવર્થમાં આશરે ૨.૩ ટકાનો ઘટાડો થયો.

શરૂઆતમાં નફાને વધારે પડતો દર્શાવવામાં આવ્યો હતો કારણ કે કાલ્પનિક લાભો સીધા નફા અને નુકસાનમાં જમા કરવામાં આવતા હતા, જ્યારે નુકસાનને સંપત્તિ તરીકે રાખવામાં આવતું હતું, જેના કારણે ચોખ્ખી વ્યાજ આવક અને કમાણીની ગુણવત્તામાં વધારો થતો હતો.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પદેથી જેઠા ભરવાડનું રાજીનામું

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. અનેક સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા જેઠા ભરવાડ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને પોતાનું રાજીનામું સુપરત કર્યું છે. તેમના રાજીનામા પાછળના ચોક્કસ કારણો હજુ સુધી સામે આવ્યા નથી, પરંતુ આ ઘટના બાદ રાજકીય વર્તુળોમાં અનેક અટકળો તેજ થઈ છે.

મળતી માહિતી મુજબ, જેઠાભાઈએ કામનું ભારણ વધુ હોવાના કારણે અન્ય હોદ્દા અને સામાજિક જવાબદારીની વ્યસ્તતાનું કારણ આપી રાજીનામું આપ્યું છે. આ રાજીનામું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મંત્રી રત્નાકરની પ્રત્યક્ષ હાજરીમાં વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને સોંપવામાં આવ્યું હતું. જેનો વિધાનસભાના અધ્યક્ષે તત્કાલ સ્વીકાર કર્યો છે.

ભાઈ - બહેન વચ્ચે નાણાકીય લેવડદેવડ તે તેમની કમાણીનો પુરાવો નથીઃ હાઈકોર્ટ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ભાઈને પૈસા આપવા અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણના આધારે પત્નીને આર્થિક રીતે મજબૂત બનાવીને તેના અને તેની દીકરી માટે વચગાળાના ભરણ-પોષણના આદેશને પડકારતી પતિની અપીલ દિલ્હી હાઈકોર્ટે ફગાવી દીધી છે.

કોર્ટે જણાવ્યું હતું કે સામાન્ય રીતે માણસના વ્યવહારમાં જ્યારે કોઈ પતિ કે પત્ની લગ્નમાં અણબનાવ બાદ મા-બાપના ઘરે આશ્રય લે છે તો મા-બાપ અને ભાઈ-બહેન સાથે તેમની નાણાકીય નિર્ભરતા સ્વાભાવિક છે.

જસ્ટીસ અનિલ ક્ષેત્રપાલ અને જસ્ટીસ હરીશ વૈદ્યનાથન શંકરની બેન્ચે કહ્યું હતું કે ઈન્કમ, સેલરી કે કારોબારના કોઈ પુરાવાના અભાવમાં એવી એન્ટ્રીઝને બતાવ્યા વિના

પ્રોફેશનલ ઈન્કમના બદલે ઘરેલુ પારિવારિક વ્યવસ્થા કે આગલી બચતના ઉપયોગ સાથે જોડવુ વધુ તર્ક સંગત છે. કોર્ટને પતિની અપીલ દમ વગરની લાગી. તેને ૨૩ સપ્ટેમ્બરે ફગાવીને કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે તે મેન્ટેનન્સ બાકી રકમનું પેમેન્ટ એક મહિનામાં કરી દે.

અપીલકર્તાએ પત્નીની અરજી પર માર્ચ ૨૦૨૧માં પસાદ સરકારની એક ફેમીલી કોર્ટના આદેશને અહીં પડકાર્યો હતો. અપીલ કર્તાએ તલાક માટે આવેદન આપ્યું હતું. આ દરમિયાન તેની પત્નીએ પોતાના અને પોતાની દીકરી માટે વચગાળાના મેન્ટેનન્સ (ભરણ-પોષણ) માટે અરજી કરી હતી. અદાલતે તેને મંજૂરી આપી અને તલાકમાં કેસની કાર્યવાહી પુરી થવા સુધી પત્ની અને દીકરી માટે ૫૦ હજાર રૂપિયા માસીક ખર્ચ તરીકે આપવાનો અપીલકર્તાને આદેશ કર્યો છે. આ આદેશને પડકારી પતિએ ખર્ચની રકમને ખૂબજ વધુ અને મનમાની બતાવી હતી.

સુરતમાં માતાએ પુત્ર સાથે ૧૪મા માળેથી મોતની છલાંગ લગાવીઃ દીકરાનું મોત

મુખ્ય સમાચાર, સુરત

સુરતના અલથાણ વિસ્તારમાં આવેલા આવાસમાં એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે, જેમાં એક માતાએ પોતાના માસૂમ પુત્ર સાથે બિલ્ડિંગના ૧૪મા માળેથી નીચે પડતું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. બિલ્ડિંગની ઊંચાઈએથી પટકાવાને કારણે ગંભીર ઈજાઓ થતાં માસૂમ દીકરાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે માતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

હાલ હોસ્પિટલમાં માતાની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ચકચારી બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને

અકસ્માત મોતનો ગુનો નોંધી, માતાએ કયા કારણસર આટલું આત્મઘાતી પગલું ભર્યું એ દિશામાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

મહિલાએ ૧૪મા માળેથી પોતાના પાંચ વર્ષના પુત્ર સાથે મોતની છલાંગ લગાવી, ત્યારે તે નીચે પાર્ક કરેલી એક કાળા રંગની કાર પર પટકાઈ હતી. મહિલા કારના પાછળના ભાગે પડતાં કારનો કાચ સંપૂર્ણપણે તૂટી ગયો હતો અને પાછળનો ભાગ દબાઈ ગયો હતો. કારની પાસે જ મહિલા લોહીલુહાણ હાલતમાં પટકાઈ હતી, જેના કારણે આ ગમખ્વાર ઘટનામાં કારને પણ ભારે નુકસાન થયું હતું. આ ઘટનાના પગલે આસપાસના લોકોમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના કલેકટર રાજેન્દ્ર પટેલના નજીકના અધિકારીઓ પર હવે નજર

મુખ્ય સમાચાર, વઢવાણ

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલના નિવાસ્થાન ઉપર ઈડી વિભાગ દ્વારા દરોડા પાડી અને કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી જેમાં પ્રથમ તબક્કામાં ૧૦૦ થી વધુ ફાઈલો જમ કરી અને કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

જમાં વઢવાણ ખાતે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી છે તેના ઘરે પણ દરોડા પાડી અને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જેમાં ચંદ્રસિંહ મોરી ના ઘરેથી ૬૭ લાખ રૂપિયા રોકડ મળી આવી છે ત્યારે એસીબી વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને તેને પહેલી જાન્યુઆરી સુધીના રિમાન્ડ પણ આપવામાં આવ્યા છે.

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર

રાજેન્દ્ર પટેલ પાસે પણ પાંચ કરોડથી વધુની મિલકત હોવાનું સામે આવ્યું છે ત્યારે આ દિશામાં પણ તેમની સામે પણ આવક કરતા વધુ સંપત્તિ હોવાની ફરિયાદ દાખલ કરી અને વધુ તપાસ રાજકોટ એસીબીના ડીવાયએસપી ને સોંપવામાં આવી છે પરંતુ હાલના તબક્કામાં રાજેન્દ્ર પટેલની બદલી કરી અને સામાન્ય વહીવટ તરીકે તેમને મૂકી દેવામાં આવ્યા છે અને સુરેન્દ્રનગર જિલ્લાનો ચાર્જ ડીડીઓને આપવામાં આવ્યો છે.

સમગ્ર ઘટનામાં હવે કલેકટરના પી.એ જયરાજસિંહ ઝાલા સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તેના ઘરે પણ ઈડી દ્વારા દરોડા પાડી અને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જોકે જયરાજસિંહ ઝાલા ના ઘરેથી કોઈપણ પ્રકારની વસ્તુઓ જમ કરવામાં આવી નથી ત્યારે જિલ્લા કલેકટર પણ કોઈ પણ પ્રકારની સંડાણીમાં ન હોવાનું નિવેદન આપી ચૂક્યા છે ત્યારે હવે તપાસ આગળ વધી રહી છે. ત્યારે હવે સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર ની નજીકના ગણાતા કર્મચારી અધિકારીઓ ઉપર પણ ટૂંક સમયમાં દરોડાની કાર્યવાહી થઈ શકે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે સમગ્ર બાબત સોલારની જે કંપની હતી તેને જમીન ફાળવવા મુદ્દે દરોડા પાડવામાં આવ્યા હોવા ની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે અને હાલમાં તે તપાસ આગળ વધી રહી છે પરંતુ હજુ સુધી ઈડી વિભાગ દ્વારા કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી ત્યારે અગામી દિવસોમાં ઈડી વિભાગ દ્વારા અહેવાલ રજૂ કરવામાં આવશે ત્યારબાદ દરોડાનું સાચું કારણ સામે આવશે.

રૂપિયો વધુ નબળો પડશે તેવા ભય વચ્ચે ડોલર મારફત નાણાં વિદેશમાં મોકલવાનું પ્રમાણ વધ્યું

મુખ્ય સમાચાર, મુંબઈ

ડોલર સામે રૂપિયો સતત નબળો પડતા અને હજુ પણ અનિશ્ચિત સ્થિતિ રહેવાની ધારણા હોવાથી રૂપિયો વધુ નબળો પડશે તેવા ભય વચ્ચે દેશમાંથી મોટાપાયે વિદેશમાં ડોલરના સ્વરૂપમાં નાણા મોકલવાનું શરૂ થતા જ આરબીઆઈના મોનેટરીંગ બાદ બેંકોએ હવે આ પ્રકારે નાણા મોકલનારને તેમના નાણાના સ્ત્રોત સહિતની માહિતી આપવા જણાવ્યું છે.

હાલના લિબરલાઈઝ્ડ રેમીટન્સ સ્કીમ હેઠળ ભારતનો નાગરિક દર વર્ષે વધુમાં વધુ ૨.૭૦ લાખ ડોલર વિદેશમાં સિકયુરીટી રોકાણ, પ્રોપર્ટી

ખરીદવા, પ્રવાસ માટે કે અન્ય ખર્ચ માટે ટ્રાન્સફર કરી શકે છે. જ્યારે નોન રેસીડેન્સ ઈન્ડીયન ભારતમાં તેની કોઈ મિલ્કતો કે રોકાણ વેચીને વધુને વધુ ૧.૨૦ કરોડ ડોલર મોકલી શકે છે.



પરંતુ વ્યાપારી હેતુ માટે મોકલવામાં કોઈ નિયંત્રણ નથી પરંતુ તેની એક ચોકકસ પ્રક્રિયા છે. જેમાં વિદેશી કંપનીઓ કે તેવા પેમેન્ટ કે કોઈ સર્વિસ લેવામાં આવી હોય તો તેના માટે ડોલરમાં નાણાં ચૂકવી શકાય છે. ખાસ કરીને બોલીવુડની ફિલ્મોના શૂટીંગ વિદેશમાં થાય છે તેમાં હોટલ, પ્રવાસ વગેરેના ખર્ચા પણ ચુકવવા માટે ફિલ્મ પ્રોડકશન કંપનીઓને મંજુરી આપવામાં આવી છે.

પરંતુ હાલમાં કેટલાક હાઈ વર્ષ ઈન્ડીવિડયુઅલ એટલે કે ધનવાન લોકોએ અને એનઆરઆઈ દ્વારા વિદેશમાં નાણાં મોકલવાનું શરૂ કરાતા જ આ પ્રકારના વ્યવહારમાં બેંકોને સાવધાની રાખવા જણાવાયું છે અને નાણાં મોકલનારને તેના આવકના સ્ત્રોત અંગે ચાર્ટર્ડ એકાઉન્ટ દ્વારા પ્રમાણીત સર્ટીફીકેટ પણ આપવા જણાવાયું છે.

સશક્ત નારી મેળા'' થકી પરંપરાગત કળા બની મહિલાઓની પ્રગતિનો માર્ગ

જામનગરની મહિલાએ લીપણ આર્ટ દ્વારા સ્વરોજગારનો માર્ગ અપનાવ્યો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર ખાતે આયોજિત સશક્ત નારી મેળામાં ભૂમિબેન ટાંક નામના મહિલાને નિઃશુલ્ક સ્ટોલની સુવિધા મળી હતી. આ સ્ટોલ દ્વારા મહિલાએ પરંપરાગત લીપણઆર્ટ અને મડવર્કનું પ્રદર્શન તથા વેચાણ કરીને રોજગારી મેળવી છે.જામનગર સહીત અન્ય જિલ્લાઓમાં સરકાર દ્વારા મહિલાઓને સ્વરોજગાર અને આત્મનિર્ભરતા તરફ પ્રોત્સાહિત કરવા માટે સશક્ત નારી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેના થકી મહિલાઓને હસ્તકલા, ગૃહઉદ્યોગ અને પરંપરાગત કળાઓ રજૂ કરવાની તક મળી છે. ત્યારે ભૂમિબેને લીપણ આર્ટ અને મડવર્કના આકર્ષક નમૂનાઓ રજૂ કરી મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યું હતું. નિઃશુલ્ક સ્ટોલ મળવાથી તેમને આર્થિક ચિંતા કર્યા વગર પોતાની કળા રજૂ કરવાની તક મળી, જેના કારણે આવકમાં વધારો થયો અને આત્મવિશ્વાસ પણ વધ્યો. આવી પહેલો મહિલાઓને ઘરબેઠાં આવક મેળવવા અને પોતાની કળાને ઓળખ અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.ભૂમિબેન ટાંક જણાવે છે કે, હું લીપણઆર્ટ અને કચ્છના મડવર્ક માંથી અવનવી સુશોભનની વસ્તુઓ બનાવું છું.

આ વર્ક ઘણું જુનું હોવા છતાં ટ્રેન્ડમાં છે. જેને ધ્યાનમાં રાખીને હું બર્થડે, એનીવર્સરી કે બીજા કોઈ પણ પ્રસંગમાં ગીફ્ટ આપવા માટે વસ્તુઓ કસ્ટમાઈઝ કરી આપું છું. હું વોલફ્રેમ, દીવડા, રંગોળી, નેમપ્લેટ, ફોટોફ્રેમ જેવી વસ્તુઓ બનાવું છું. અને કોઈને આર્ટ શીખવું હોય તો ક્લાસીસ પણ ક્રરાવું છું. તેઓ વધુમાં જણાવે છે કે, સરકારે સશક્ત નારી મેળામાં વિનામુલ્યે સ્ટોલ ફાળવ્યો તે બદલ સરકારનો આભાર વ્યક્ત કરું છું. લોકોને રોજગારી મળી રહે તે માટે સરકાર સહકાર આપે છે. લીપણઆર્ટ અને મડવર્ક ટ્રેન્ડમાં હોવાથી તેઓને રોજગારી પણ મળી રહે છે.ઉલ્લેખનીય છે કે,લીપણ આર્ટ ગુજરાતની પરંપરાગત લોકકળા છે, જે ખાસ કરીને કચ્છ વિસ્તારમાં પ્રચલિત છે. આ કળામાં માટી, ગાયના છાણ અને કુદરતી રંગોનો ઉપયોગ કરીને દિવાલો પર સુશોભિત ડીઝાઈન બનાવવામાં આવે છે. જે ઇકોફ્રેન્ડલી અને ઇન્ડમેડ હોવાથી લોકપ્રિય બન્યું છે. રાજ્ય સરકાર દ્વારા સશક્ત નારી મેળા જેવા કાર્યક્રમો થકી પરંપરાગત કળાઓને નવી ઓળખ મળી રહી છે અને મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનવાની તક મળી રહી છે.

જામનગરની ધ્રુવાંવ શાળા ખાતે 'પોક્સો એક્ટ' અને 'બેટી બચાઓ બેટી પઢાઓ' અંતર્ગત વિશેષ જાગૃતિ સેમિનાર યોજાયો

મુખ્ય સમાચાર, જામનગર

જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી,જામનગર દ્વારા મહિલા અને બાળ અધિકારી ડો. પૂજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત ધ્રુવાવ સ્થિત સી. આર. મહેતા શાળા ખાતે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારનો મુખ્ય વિષય જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ (POCSO Act) રાખવામાં આવ્યો હતો, જેમાં ધોરણ ૯ થી ૧૨ના કુલ ૧૨૮ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં DMC દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા પ્રસ્તુત કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને બેટી બચાઓ બેટી

પઢાઓ યોજનાના સામાજિક ઉદ્દેશો તેમજ તેના મહત્વ વિશે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તરફથી ઉપસ્થિત એડવોકેટ ડો. શીતલબેન ખેતીયાએ પોક્સો એક્ટ વિશે વિદ્યાર્થીઓને ખૂબ જ સરળ, સહજ અને પ્રશ્નાવલી આધારિત પદ્ધતિથી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે બાળકોને તેમના અધિકારો અને જાતીય ગુનાઓ સામે કાનૂની રક્ષણ કેવી રીતે મેળવવું તે બાબતે જાગૃત કર્યા હતા.આ કાર્યક્રમમાં શાળાના પ્રિન્સિપાલ ધાકુબેન, શાળાના શિક્ષકો તેમજ DHEW સ્ટાફ, DMC, GS અને OSC, VMK સ્ટાફ હાજર રહ્યો હતો. સેમિનારના અંતે સહભાગી થયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે બેટી બચાઓ બેટી પઢાઓ લોગોવાળા મગનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોરબીમાં 'સુશાસન સપ્તાહ' અંતર્ગત 'પ્રશાસન ગાંવ કી ઔર' વર્કશોપ યોજાયો

વહીવટી તંત્રના અધિકારીઓને પ્રજાલક્ષી અભિગમ કેળવી લોકકલ્યાણને પ્રાધાન્ય આપવા જણાવાયું

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર તથા ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારી અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં સુશાસન સપ્તાહ' અંતર્ગત 'પ્રશાસન ગાંવ કી ઔર' વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અધિકારીઓને પ્રજાલક્ષી અભિગમ કેળવી લોકકલ્યાણની

ભાવના સાથે ગ્રામ્ય વિસ્તારોના ગરીબો, વંચિતો અને કામગીરીને પ્રાથમિકતા આપવા જણાવવામાં આવ્યું હતું.

નિવાસી અધિક કલેક્ટર તથા ઈન્ચાર્જ જીલ્લા વિકાસ અધિકારીએ વહીવટી તંત્રને નિયમિત કામગીરીમાં સાચા અર્થમાં જાહેર સેવક બની સુશાસનને કામગીરીનો ભાગ બનાવવા, ટીમ વર્ક થકી લોક કલ્યાણની ભાવના સાથે ગ્રામ્ય વિસ્તારોના ગરીબો, વંચિતો અને જરૂરિયાત મંદને મુખ્ય પ્રવાહમાં લાવવા શક્ય તમામ પ્રયાસ કરવા અને તેમના ઉત્થાન માટે યોજનાઓની સાચી અમલવારી થાય તે પ્રકારનું માળખું ગોઠવવા જણાવ્યું હતું. આ વર્કશોપમાં શિક્ષણ વિભાગ, જીલ્લા પંચાયત, જીલ્લા ખેતીવાડી કચેરી, આત્મા પ્રોજેક્ટ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને જીલ્લા આરોગ્ય વિભાગે તેમના દ્વારા કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરી તથા યોજનાઓની અમલવારી વિશે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તૃત માહિતી આપી હતી.

આ વર્કશોપમાં ડેપ્યુટી કલેક્ટર ઉમંગ પટેલ, વાંકાનેર પ્રાંત અધિકારી વિપુલ સાકરીયા, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, જીલ્લા પુરવઠા અધિકારી જૈમિન કાકડીયા, નાયબ જીલ્લા વિકાસ અધિકારી શૈલેષચંદ્ર ભટ્ટ, જીલ્લા આયોજન અધિકારી વી.બી. માંડલિયા, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે.શ્રીવાસ્તવ સહિતના વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો.સ્વાગત કાર્યક્રમમાં આવેલ ૧૩ પૈકી ૧૨ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ લાવી અરજદારોની સમસ્યાનું નિરાકરણ લવાયું.જામનગર, જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આવેલ ૧૩ પૈકી ૧૨ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.

જિલ્લા કલેકટર કચેરી ખાતે

યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેકટરશ્રીએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારોનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેકટરશ્રીએ પ્રયાસો કર્યા હતા.આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે, દબાણ દુર કરવા, ખેતીવાડીનું વીજ કનેકશન મંજૂર કરવા અંગે, ભૂગર્ભ ગટના કામને લગત પ્રશ્ન, હકપત્રક અંગે નોંધ દાખલ કરવા બાબત, અડચણરૂપ લારીઓ દુર કરવા અંગે, વ્હાલી દીકરી યોજના અંગેનો લાભ મળવા બાબત,જીએસટી નંબર તથા વીજ કન્કેશન અંગેની ફરિયાદ બાબતે કાર્યવાહી કરવા બાબત જેવા પ્રશ્નોનોને કલેકટરએ સાંભળ્યા હતા તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી માનવીય અભિગમ દાખવી ત્વરિત આ પ્રશ્નોનો નિકાલ લાવવા તાકીદ કરી હતી.અરજદારોએ પણ કલેકટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર શારદા કાકડ, લગત વિભાગના અધિકારીઓ તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગર જિલ્લા પંચાયત દ્વારા હરિપર ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શન યોજાયું

મુખ્ય સમાચાર, જામનગર

પશુપાલન વ્યવસાયને વધુ આધુનિક અને નફાકારક બનાવવાના ઉમદા હેતુ સાથે પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, જામનગર દ્વારા લાલપુર તાલુકાના હરિપર ગામે ઘરેશ્વર મહાદેવ મંદિરે ''જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શન'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લાલપુર, કાલાવડ અને જામજોધપુર તાલુકાના કુલ ૩૦૦ જેટલા પશુપાલકો ઉત્સાહભેર સહભાગી થયા હતા.કાર્યક્રમ સ્થળે પશુપાલન સંબંધિત વિવિધ પ્રદર્શન સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેની પશુપાલકોએ રસપૂર્વક મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, જિલ્લામાં ચાલતી 'પ્રાણી કૂરતા નિવારણ સોસાયટી' વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. પશુપાલકો સરકારી યોજનાઓથી સતત વાકેફ રહે તે માટે પશુપાલન ખાતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ફોલો કરવા પણ અપીલ કરવામાં આવી હતી.કાર્યક્રમના અંતે પશુપાલકોએ પોતાના વ્યવસાયને પશુપ્રવૃત્તા પ્રશ્નોની રજૂઆત કરી હતી, જેનું તજજ્ઞો દ્વારા સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી પશુપાલકોને તેમની આવક વધારવા અને પશુપાલન વ્યવસાયને નવી ઊંચાઈએ લઈ જવા માટે અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

શિબિર દરમિયાન પશુપાલન ખાતાના તજજ્ઞો દ્વારા આધુનિક પશુપાલન પદ્ધતિઓ, પશુઓમાં રોગ નિવારણ અને પશુપાલન થકી આર્થિક સમૃદ્ધિ મેળવવા અંગે જ્ઞાનવર્ધન માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે મહાનુભાવોના હસ્તે પશુપાલન ખાતાની વિવિધ સહાયકારી યોજનાઓ હેઠળ ૬ લાભાર્થીઓને કુલ રૂ. ૨.૭૬ લાખની સહાયની રેપ્લિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ગુજરાત વેટરનરી કાઉન્સિલના પ્રમુખ ડો. ભગીરથ પટેલ, જિલ્લા પ્રાણી કૂરતા નિવારણ સોસાયટીના ડો. ક્રિટીક પટેલ તેમજ જિલ્લા પશુપાલન અધિકારી ડો. તેજસ શુકલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મંચ પર જિલ્લા પંચાયત સભ્ય વિનોદભાઈ વડોદરિયા, લાલપુર તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ જાડેજા, સભ્ય કરશનભાઈ સોચા અને હરિપરના સરપંચ તુલસીભાઈ અકબરીએ હાજર રહી પશુપાલકોને પ્રોત્સાહિત કર્યા હતા.

મોરબી મનપાના કોર્પોરેશન ડેની ઉજવણીઃ વૃક્ષારોપણ, રક્તદાન અને આરોગ્ય ચકાસણી દ્વારા સામાજિક સંદેશ

સ્થાપનાના એક વર્ષ પૂર્ણ થતાં MMC દ્વારા પર્યાવરણ સંરક્ષણ અને માનવ કલ્યાણને કેન્દ્રમાં રાખી વિવિધ જનહિતકારી કાર્યક્રમોનું આયોજન



મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકાએ પોતાની સ્થાપનાના સફળ એક વર્ષ પૂર્ણ થવાના અવસરે મોરબી કોર્પોરેશન ડે ઉજવણી સમારોહની શરૂઆત કરી છે. આ ઉજવણી અંતર્ગત શહેરમાં વ્યાપક પાયે વૃક્ષારોપણ કરી ૫૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. સાથે સાથે મહાનગરપાલિકાના કર્મચારીઓ દ્વારા માનવ જીવન બચાવવાના ઉદ્દેશ્યથી રક્તદાન કેમ્પ યોજાયો હતો. ઉજવણીના ભાગરૂપે અધિકારીઓ અને કર્મચારીઓ માટે આરોગ્ય ચકાસણી કેમ્પનું પણ આયોજન કરાયું હતું. આ તમામ કાર્યક્રમો દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સામાજિક જવાબદારી અને કર્મચારીઓની સુખાકારીનો મજબૂત સંદેશ આપવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા મોરબી કોર્પોરેશન ડેની ઉજવણી અંતર્ગત વૃક્ષારોપણ દિવસ ઉજવાયો હતો. આ દરમિયાન મહાનગરપાલિકાની મુખ્ય બિલ્ડિંગ તેમજ શહેરની વિવિધ ક્લસ્ટર ઓફિસોમાં અંદાજે ૫૫૦થી વધુ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. આ અભિયાનથી શહેરની હરિયાળી વધશે તેમજ પ્રદૂષણ ઘટાડીને ઓક્સિજનનું પ્રમાણ વધારવામાં મદદ મળશે.

ઉજવણી સમાહ દરમિયાન તા. ૨૪થી ૩૧ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રક્તદાન કેમ્પનું વિશેષ મહત્વ રહ્યું હતું. ગઈકાલે તા. ૨૪ના રોજ સાંજે સરદારબાગ સ્થિત કોમ્યુનિટી હોલમાં યોજાયેલા રક્તદાન કેમ્પમાં મહાપાલિકાના કર્મચારીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. રક્તદાન કરનાર તમામ કર્મચારીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા અને સમાજમાં માનવ જીવન બચાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત અધિકારીઓ અને કર્મચારીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. મેઈન બિલ્ડિંગ ખાતે યુપીએચસી ગોકુલનગર ટીમ દ્વારા ૧૫૦થી વધુ કર્મચારીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ કર્મચારીઓ સ્ટ્રેસ ફ્રી અને સ્વસ્થ જીવન જીવે તે રહ્યો હતો.

આ તમામ કાર્યક્રમોમાં મહાનગરપાલિકાના કમિશનર સ્વપ્નિલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા સહિત અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબીના ટીંબડી ગામના પાટીયા પાસે ટ્રક હડફેટે મોટર સાયકલ ચાલકનું મોત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના ટીંબડી ગામના પાટીયા પાસે ભારત બેઝના શૉ રૂમ સામે અજાણ્યા ટ્રક ચાલકે પોતાનો ટ્રક પુરપાટ ઝડપે ચલાવી મોટર સાયકલને હડફેટે લેતા મોટર સાયકલ ચાલક યુવકને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોચવા તેઓનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું.

મળતી વિગત અનુસાર, મોરબી માળીયા હાઈવે ઉપર ટીંબડી ગામના પાટીયા નજીક અકસ્માતની ઘટનામાં ૨૯ વર્ષીય યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. ત્યારે મૃતકના ભાઈ રંજીતભાઈ માણસુરભાઈ હેરમા રહે. હાલ ઋષભ સોસાયટી મોરબી-૨ મૂળરહે. પાડાપાણ તા.ગઢડા જી.બોટાદ વાળાએ મોરબી તાલુકા પોલીસ મથકે આરોપી અજાણ્યા ટ્રકના ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા ૧૭/૧૨ ના રોજ રાત્રીના સાડા દસેક વાગ્યે રણજીતભાઈના ભાઈ પરેશકુમાર સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૧૪-એએચ-૯૧૦૧ વાળું મોટર સાયકલ લઈને નોકરીએથી પરત પોતાના ઘરે આવતા હોય ત્યારે ટીંબડી પાટીયા નજીક અજાણ્યા ટ્રકના ચાલકે પોતાનું વાહન બેફિકરાઈથી ચલાવી પરેશકુમારના બાઈકને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો, આ અકસ્માતમાં પરેશકુમારને માથાના ભાગે ગંભીર ઈજા પહોચતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રકનો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. હાલ તાલુકા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં "તેરા તુજકો અર્પણ" અંતર્ગત ૩.૧૨.૦૭ લાખના ખોવાયેલ મુદામાલ મૂળ માલિકોને પરત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ ખોવાયેલા તથા ચોરાયેલા મોબાઈલ, રોકડ અને મોટરસાયકલ શોધી અરજદારોને પરત અપાયા હતા. પોર્ટલના ઉપયોગથી કુલ ૪૨ મોબાઈલ, રોકડ રકમ અને મોટરસાયકલ શોધી કાઢવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે કુલ રૂ.૧૨,૦૭,૩૯૮નો મુદામાલ મૂળ માલિકોને અર્પણ કર્યો હતો.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલના માર્ગદર્શન અને નાયબ પોલીસ અધિક્ષક પી.એ. ઝાલાના નિર્દેશન હેઠળ પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં સીટી એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ આર.એસ. પટેલ તથા પીએસઆઈ જે.સી. ગોહિલની દેખરેખમાં સીટી એ-ડીવીજન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફે કામગીરી હાથ ધરી હતી.

પોર્ટલ પર એન્ટ્રી કરીને સતત મોનીટરીંગ તથા ટેકનિકલ તપાસના આધારે ખોવાયેલા ૪૨ મોબાઈલ કિ.રૂ.૮,૦૯,૩૯૮ શોધી કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત એક અરજદારની રૂ.૨.૮૩ લાખ રોકડ રકમ તેમજ બિનવારસી મળેલ ૩ મોટરસાયકલ કિં.રૂ.૧.૧૫ લાખ પણ શોધી પરત કરવામાં આવ્યા હતા. આ રીતે કુલ રૂ.૧૨,૦૭,૩૯૮નો મુદામાલ મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યો હતો. આ કામગીરીથી ''પોલીસ પ્રજાની મિત્ર છે'' તે સૂત્રને મોરબી સીટી એ-ડીવીજન પોલીસે ફરી એકવાર સાર્થક કર્યું છે.

મોરબી પંચાસર ચોકડીએ મહાપાલિકાની દબાણ હટાવ કામગીરી

ગેરકાયદેસર દુકાનો અને કાચા મકાનો ઉપર જેસીબી ફરી વળ્યું

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકાએ પંચાસર ચોકડી વિસ્તારમાં રસ્તા ઉપરના દબાણો સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. વન વિક વન રોડ ઝુંબેશ અંતર્ગત ગેરકાયદેસર દુકાનો, છાપરા અને કાચા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકા દ્વારા પંચાસર ચોકડી નજીક ડીમોલીશન કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેસીબીની મદદથી રસ્તા ઉપર આવેલ દુકાનો, કાચા મકાનો અને છાપરા સહિતના દબાણો હટાવવામાં આવ્યા હતા. મળતી

માહિતી મુજબ પંચાસર ચોકડીથી પંચાસર રોડ સુધી વન વિક વન રોડ અભિયાન અંતર્ગત કાર્યવાહી કરાઈ હતી. આ દરમિયાન ૩ દુકાનો, ૪થી ૫ છાપરા, ૭થી ૮ વંડી તથા ૨ કાચા મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. ૧૮ મીટર પહોળા માર્ગ પરના નડતરરૂપ દબાણો દૂર થતાં ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો આવશે.

મોરબી રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા મહિલા સહિત બે ઇસમોની અટક

દેશી દારૂ મંગાવનાર મહિલાનું નામ ખુલતા, બે મહિલા સહિત ત્રણ સામે ગુનો દાખલ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના લખધીરવાસ ચોકમાંથી પસાર થયેલ શકાસ્પદ સીએનજી રીક્ષાને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રોકી, રીક્ષાની તલાસી લેતા તેમાંથી ૫૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧૦ હજાર મળી આવ્યો હતો. આ સાથે પોલીસે રીક્ષા ચાલક આરોપી બાબુભાઈ માનસંગભાઈ ભીખાભાઈ કુવરીયા ઉવ.૭૦ રહે. મોરબી-૨ હાઉસિંગ બોર્ડ ઋષિકેશ વિદ્યાલય પાસે તથા મહિલા આરોપી વિનુબેન દિનેશભાઈ મગનભાઈ અઘારા ઉવ.૫૧ રહે. મોરબી-૨ ત્રાજપર છેલ્લી શેરી વાળાની અટક કરી હતી. પકડાયેલ બન્ને આરોપીઓની સઘન પૂછતાછમાં આ દેશી દારૂનો જથ્થો શહેરના વજેપર શેરી નં.૨૪ માં રહેતા મનીષાબેન સુરેશભાઈ લક્ષ્મણભાઈ થરેશાએ મંગાવેલ, જેથી તે મહિલા આરોપીને ફરાર દર્શાવી સીટી એ ડિવિઝન પોલીસે રીક્ષા તેમજ દેશી દારૂ સહિત કુલ રૂ.૪૦ હજારનો મુદામાલ કબ્જે લઈ ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ પ્રોહી.એક્ટ હેઠાક ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી)ના ખીરઈ ગામ નજીક બંધ દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ, આરોપી ફરાર

મુખ્ય સમાચાર, મોરબી

માળીયા(મી) તાલુકાના ખીરઈ ગામ પાસે પોલીસ દ્વારા દેશી દારૂ બનાવતી ગેરકાયદેસર ભઠ્ઠી ઉપર રેઇડ કરવામાં આવી હતી. રેઇડ દરમિયાન દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથાનો જથ્થો ઝડપાયો હતો, રેઇડ દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને પોલીસે ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે, મમદભાઇ જુસબભાઇ દોના ખીરઈ ગામથી કાજરડા જવાના રસ્તા પાસે હોકળાના કાંઠે દેશી દારૂની ગેરકાયદેસર ભઠ્ઠી ચલાવે છે, જેથી માળીયા(મી) પોલીસે તુરંત ઉપરોક્ત સ્થળે રેઇડ કરી હતી. તપાસ દરમિયાન પાસ-પરમીટ કે કોઈ આધાર વગર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૮૦૦ લીટર કિં.રૂ.૨૦,૦૦૦/-નો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે ભઠ્ઠી ચલાવનાર આરોપી મમદભાઇ જુસબભાઇ દોના રહે. ખીરઈ ગામ વાળો રેઇડ સમયે હાજર ન મળતા તેને ફરાર દર્શાવી પોલીસે સમગ્ર મુદ્દામાલ જમ કરી પ્રોહિબિશન એક્ટ કલમ મુજબ ગુનો નોંધ્યો છે. હાલ ફરાર આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

રાજકોટ મનપા દ્વારા સ્વદેશી સાયકલોથોન યોજાઇઃ બહોળી સંખ્યામાં શહેરીજનો જોડાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજ્ય સરકાર દ્વારા વર્ષ૨૦૨૫ને ''શહેરી વિકાસ વર્ષ'' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સ્થાનિક કારોગરોને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશ્યથી સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદકોને પ્રોત્સાહન આપી 'લોકલ ફોર વોકલ'ની વિભાવનાને પ્રાધાન્ય આપી, 'મેક ઇન ઇન્ડિયા' તેમજ વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવી પહેલને આગળ વધારી આત્મનિર્ભર ભારત થકી વર્ષ૨૦૪૭માં વિકસિત ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરવા શહેરીજનોમાં હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની ભાવનાને પ્રોત્સાહિત કરી, દેશદાઝને પ્રગટ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે સવારે ૬:૩૦ કલાકે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે ''સ્વદેશી સાયક્લોથોન'' યોજાઈ હતી. ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે ઝંડી આપી ''સ્વદેશી સાયક્લોથોન''નો શુભારંભ કરવામાં આવેલ. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ. આજના આ કાર્યક્રમમાં ૩૦૦૦થી વધુ શહેરીજનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૮ને રવિવાર રોજ સવારે ૬:૩૦ કલાકે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે ''સ્વદેશી રન''નું આયોજન કરવામાં આવેલ છે. આજની ''સ્વદેશી સાયક્લોથોન'' ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર કંકુબેન ઉધરેજા, દક્ષાબેન વસાણી, સાયકલ ક્લબના દિવ્યેશભાઈ અઘેરા, નાયબ મ્યુનિસિપલ કમિશનર સમીર ધડુક, સહાયક કમિશનર વિપુલ ઘોણીયા, મેનેજર કૌશિક ઉનાવા, રાજકોટ મહાનગરપાલિકાનાઅધિકારી-કર્મચારી અને બહોળી સંખ્યામાં સાયકલીસ્ટો તેમજ શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યપાલશ આચાર્ય દેવવ્રત આજે અને કાલે રાજકોટ જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારના પ્રવાસે

રાજ્યપાલ પ્રાકૃતિક કૃષિ, શ્રમદાન, ગાય અને ગ્રામ્ય સંસ્કૃતિ સાથે ગામડામાં રાત્રી રોકાણ કરશેઃ ૨૬મીએ રાજ્યપાલ પશુપાલકનાં ફાર્મમા ગૌ દોહન કરી ગ્રામીણ સંસ્કૃતિનો અનુભવ કરશે

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તા.૨૫ તથા તા.૨૬નાં રોજ રાજકોટ જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારની મુલાકાત કરશે. રાજ્યપાલશ્રી તા.૨૫મીએ ગોંડલનાં લુણીવાવ ખાતે વૃક્ષારોપણ કરી સફાઈ અભિયાનમાં સહભાગી બનશે. આ ઉપરાંત રાજ્યપાલ ગામવાસીને ઘરે સાદુ ભોજન કરી ગામલોકો સાથે ખાટલા પરિષદ કરી ગામની શાળામાં રાત્રી રોકાણ કરશે. રાજ્યપાલ બીજા દિવસે સવારે પશુપાલકના ફાર્મમાં ગીર ગૌ દોહન પણ કરશે. રાજ્યપાલ તા.૨૫ ડિસેમ્બરનાં રોજ સાંજે ૫ કલાકે ગોંડલનાં લુણીવાવ પ્રાથમિક શાળા ખાતે ''એક પેડ માં કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ કરશે.

ત્યારબાદ સાંજે ૫.૩૦ કલાકે લુણીવાવ ગામની મુખ્ય બજારમાં ગામલોકો સાથે સફાઈ અભિયાનમાં સહભાગી બનશે. સાંજે ૭ કલાકે સ્થાનિક ગામવાસીનાં ઘરે સાદુ ભોજન લીધા બાદ રાત્રે ૮ કલાકે રાજ્યપાલ ગામલોકો સાથે ગરબી ચોક ખાતે વાર્તાલાપ (ખાટલા પરિષદ) કરશે.

રાજ્યપાલ પ્રાથમિક શાળા લુણીવાવ ખાતે રાત્રી રોકાણ કરશે. બીજા દિવસે તા.૨૬ ડિસેમ્બરે સવારે સાત કલાકે રાજ્યપાલ લુણીવાવ ખાતે પશુપાલક/ખેડૂત પંકજભાઈ મોહનભાઈ મારકણાના ફાર્મ ખાતે ગીર ગૌ દોહન તથા પ્રાકૃતિક ખેતી અને ખેતી અંગે સંવાદ કરશે. લુણીવાવથી સવારે ૧૦.૩૦ કલાકે રાજ્યપાલ ગોંડલના વોરાકોટડા સ્થિત શ્રી ગીર ગૌ જતન સંસ્થાન ખાતે પહોંચી પ્રાકૃતિક ખેતી પરિસંવાદ તથા ગાય, ગામડુ અને ખેતી પદયાત્રા સંબંધી કાર્યક્રમમાં સહભાગી બનશે. આમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રાજકોટ જિલ્લામાં ૨ દિવસ દરમિયાન ગ્રામીણ સંસ્કૃતિનો અનુભવ કરશે.

રાજકોટ ડિવિઝન દ્વારા 'મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ'ની બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ખાતે મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સમિતિના સચિવ અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ તમામ માનનીય સભ્યોનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સમિતિના અધ્યક્ષ અને ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ ડિવિઝનની મુખ્ય સિદ્ધિઓ અને મુસાફરો માટે ઉપલબ્ધ સુવિધાઓ અંગે સભ્યોને વિગતવાર માહિતી આપી હતી.

બેઠક દરમિયાન સમિતિના સભ્યોએ પોતપોતાના ક્ષેત્રને લગતી રેલવેની સમસ્યાઓ, નવી ટ્રેનો શરૂ કરવા, ટ્રેનોના સ્ટોપેજ વધારવા, ટ્રેનોના રૂટ લંબાવવા, ડબલ ટ્રેક સહિતના વિવિધ પ્રોજેક્ટ્સને ઝડપથી પૂર્ણ કરવા અને સ્ટેશનો પર વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા અંગે પોતાના મૂલ્યવાન સૂચનો રજૂ કર્યા હતા.

ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ સભ્યો દ્વારા આપવામાં આવેલા તમામ સૂચનો પર વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે સમિતિના માનનીય સભ્યો સર્વ પાર્થિવકુમાર ગણાત્રા, પૂજા વઘાસિયા, અમૃતલાલ વાઢેર, દીપકભાઈ રવાણી, ડો. મયંક ઠક્કર, કેતન દફતરી, નાનજીભાઈ ખીમસૂરિયા, પ્રદીપ મહેતા, રાજભાઈ ગંગાણી, રાજીવભાઈ દોશી, યોગેશ મિશ્રા, નરેન્દ્ર પંચાણી, પ્રવીણ ત્રિવેદી અને શસુધીર વછરાજાની ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ સિવિલનાં પ્લાસ્ટિક સર્જરી વિભાગની પીડિયાટ્રિક સારવારની ઉપલબ્ધિ

દિવાળી પર ખીસ્સામાં રાખેલા ફટાકડા ફૂટતા નીચેના ભાગે ગંભીર રીતે દાજેલા યુગની સફળ પ્લાસ્ટિક સર્જરી-સારવાર

મુખ્ય સમાચાર, રાજકોટ

દિવાળીના ઉત્સાહભર્યા માહોલમાં રાજકોટના વેજાગામમાં રહેતા દિલીપભાઈના પરિવારમાં ઉદાસી છવાઈ ગઈ હતી. તેમના ૯ વર્ષના બાળક યુગના ખિસ્સામાં રાખેલા ફટાકડા અચાનક જ ફૂટવા લાગતા કમરના નીચેના ભાગે બંને પગ ગોઠણ સુધી દાજી ગયા હતા. વધુમાં ચામડી અંદર સુધી બળી ગઈ હોવાથી યુગ ચાલવાની અવસ્થા પણ ગુમાવી ચૂક્યો...

યુગના પિતાએ દીકરાની પ્રારંભિક સારવાર ખાનગી હોસ્પિટલમાં લીધી, પરંતુ પરિસ્થિતિ વધારે ગંભીર હોઈ તેઓએ આગળની સારવાર માટે રાજકોટ સિવિલ પર ભરોસો રાખી યુગને બર્ન્સ વિભાગમાં દાખલ કર્યો. અહીં તેમને એક દિવસ પ્રાથમિક સારવાર બાદ પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં આગળની સારવાર માટે દાખલ કરાયો હતો.

સિવિલ અધિક્ષક અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના હેડ ડો. મોનાલીબેન માકડીયાની ટીમની સર્જરીઓ, નિયમિત ડ્રેસિંગ અને બે માસની સંભાળ બાદ યુગને હવે સારું થતા રજા આપવામાં આવી છે. આ સમયે વોર્ડમાં ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો. યુગ હસતા હસતા ધીમા ડગલે આવજો. કહેતા ચાલી રહ્યો હતો ત્યારે સ્ટાફના ચહેરા પર માનવીય સેવા કર્યાનો આનંદ સ્પષ્ટ દેખાતો હતો.

યુગનાં પિતા દિલીપભાઈ કલોલાએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શરૂઆતમાં અમારા બાળકની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી. અહીંના ડોક્ટરો અને સ્ટાફે જે રીતે સારવાર કરી તે અવિસ્મરણીય છે. અહીંના ડોક્ટર્સ અને સેવાભાવી સ્ટાફની મહેનતનાં કારણે અમારા બાળકને હવે સારું છે. આજે મારું બાળક ફરી ચાલી શકે છે. તેમના માતા જણાવે છે કે, અમે જ્યારે અહીં દાખલ થયેલા ત્યારે યુગના પગમાં ઈન્ફેક્શન થઇ ગયું હતું. પરંતુ અહીંનાં ડોક્ટર્સની ટીમે ખૂબ સારી સારવાર કરી મારા બાળકના બંને પગ પ્લાસ્ટિક સર્જરીથી સાજા કરી આપ્યા છે. પરિવારે આ તમામ સારવાર નિઃશુલ્ક રીતે પૂરી પાડવા બદલ રાજ્ય સરકારનો આ તકે ખાસ આભાર માન્યો છે.

પ્લાસ્ટિક સર્જરી વિભાગના રેસિડેન્ટ ડો. નિલેશ લાલવાણીએ બાળકની સારવાર અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, બાળકને ફટાકડાના લીધે લોઅર એબ્ડોમેન, ઘૂંટણ સુધી બંને પગ અને પ્રાયવેટ પાર્ટમાં ડીપ બર્ન્સ થયું હતું, પ્રારંભિક સારવાર બાદ તેના પગ પર દાજી ગયેલા ભાગમાં સૌપ્રથમ કૃત્રિમ ચામડી અને ત્યારબાદ શરીરના અન્ય ભાગમાંથી ચામડી લઈ સર્જરી કરવામાં આવી છે. રૂટિન ડ્રેસિંગ બાદ હાલ ચામડીમાં રૂજ આવી ગઈ છે. હવે બાળક સારી રીતે ચાલી શકે છે. જેથી તેને આજરોજ રજા આપવામાં આવી છે. જો કે હજુ તેને સંપૂર્ણ સ્વસ્થ થતા થોડો સમય લાગશે. તેને ફિઝિયોથેરાપી પણ લેવી પડશે, તેમ ડો. નિલેશે જણાવ્યું છે.

ડો. મોનાલીબેન માકડિયાના માર્ગદર્શનમાં પ્લાસ્ટિક સર્જરી વિભાગમાં ૯ જેટલા દાજી ગયેલા બાળકોની હાલ સઘન સારવાર ચાલી રહી છે. માત્ર રાજકોટ જ નહિ પણ આખા સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ દર્દીઓને શ્રેષ્ઠ સારવારનો વિકલ્પ પૂરો પાડી રહેલી રાજકોટની પંડિત દીનદયાળ ઉપાધ્યાય સિવિલ હોસ્પિટલ આરોગ્ય ક્ષેત્રે અગ્રિમ ભૂમિકા ભજવી રહી છે.

ઉનામાં ધારાસભ્ય કાર્યાલય ખાતે પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલ બિહારી વાજપેયીના જન્મદિવસની નિમિત્તે સરદાર પટેલની પ્રતિમાને હાર-તોરા કરવામાં આવ્યા

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ – અબ્દુલ પઠાણ

ભારત રત્ન ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રદ્ધેય શ્રી સ્વ. અટલ બિહારી વાજપેયી જીના જન્મદિવસની પૂર્વ સંધ્યા એ આજરોજ ઉના ધારાસભ્ય કાર્યાલય ખાતે ઉના ભારતીય જનતા પાર્ટી દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની પ્રતિમાને સાફ-સફાઈ કરી અને હાર-તોરા કરવામાં આવ્યા હતા. તેમજ ત્રિકોણબાગ ખાતે બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને સાફ-સફાઈ કરી.અને હાર-તોરા કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ,ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, ઉના શહેર અનુસૂચિત જાતી મોરચાના પ્રમુખ નાથાભાઈ ચૌહાણ તેમજ ભારતીય જનતા પાર્ટીના સૌ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી પ્રેસ મીડિયા એસોસિએશન દ્વારા ''મારા સપનાનું મોરબી'' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી પ્રેસ મીડિયા એસોસિએશન દ્વારા વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ અને સામાજિક જાગૃતિ વધારવાના હેતુથી આગામી તા.૨૮ ડિસેમ્બર રવિવારે સરદારબાગ ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ત્યારે આ સ્પર્ધામાં ભાગ લેવા આયોજક દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

પત્રકારત્વની સાથે સાથે સામાજિક જવાબદારી નિભાવતી પ્રેસ મીડિયા એસોસિએશન મોરબી દ્વારા ''મારા સપનાનું મોરબી'' વિષય પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા મોરબી મહાનગરપાલિકાના એક વર્ષ પૂર્ણ થઈ બીજા વર્ષમાં પ્રવેશના અવસરને ધ્યાનમાં રાખી યોજાઈ રહી છે, જેમાં ભવિષ્યના નાગરિકો એવા બાળકો મોરબી વિશે પોતાના વિચારો રજૂ કરશે. સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડ ધોરણ ૬, ૭ અને ૮ (પ્રાથમિક) તથા બીજો રાઉન્ડ ધોરણ ૯ અને ૧૦ (માધ્યમિક) માટે રાખવામાં આવ્યો છે. સ્પર્ધા તા. ૨૮/૧૨/૨૦૨૫, રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યે સરદારબાગ, શનાળા રોડ, મોરબી ખાતે યોજાશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવશે, જ્યારે બંને વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને ઈનામથી સન્માનિત કરવામાં આવશે. મોરબી શહેરના ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે https://forms.gle/nWWgXo9mufUartqg9 ઓનલાઈન નોંધણી ફરજિયાત રાખવામાં આવી છે, જે માટે આપવામાં આવેલી લિંક દ્વારા નોંધણી કરી શકાશે.

મોરબીમાં ગાડીના ભાડાની ચૂકવણીના વિવાદે સિરામિક ફેક્ટરીમાં થાર ચાલકે આતંક મચાવ્યો, ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં ગાડીના ભાડાની ચૂકવણીને લઈ લખધીરપુર રોડ ઉપર આવેલ સિરામિક ફેક્ટરી ખાતે થાર ચાલકે હંગામો મચાવ્યો હતો. આરોપીએ ફેક્ટરીના પાર્કિંગમાં ગાડી ઘુસાડી અન્ય વાહનને નુકસાન પહોંચાડી, જાનથી મારી નાખવાના ઈરાદે સુપરવાઈઝર પર ગાડી ચડાવતાં તેમને પણ ઈજા પહોંચાડી હતી. ત્યારે સમગ્ર ઘટનાને લઈ મોરબી તાલુકા પોલીસ મથકે આરોપી વિરુદ્ધ સીરામીક કર્મચારી દ્વારા ફરિયાદ નોંધાવતા, તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના લખધીરપુર રોડ પર આવેલી લેક્સસ ગ્રેનેટો ઈન્ડિયા લિમિટેડ ફેક્ટરીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા ફરીયાદી યશપાલસીંગ સર્વેસકુમાર શ્રીવાસ્તવ ઉવ.૩૨એ આરોપી થાર કાર ચાલક અમરભાઈ મનજીભાઈ રબારી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ સાંજના સમયે ફેક્ટરીમાં ઉપરોક્ત આરોપી પોતાની થાર લઈને ગાડીના ભાડાની રકમ માંગવા આવ્યો હતો. ત્યારે ફરીયાદીને ગાળો આપી આરોપીએ પોતાની મહિન્દ્રા થાર ગાડી ફેક્ટરીના ગેટમાંથી અંદર લઈ જઈ પાર્કિંગમાં ઉભેલી ફેક્ટરીના ભાગીદાર અનિલભાઈની ઈનોવા કારને બે વખત અડફેટે લઈ આશરે રૂ.૪ લાખ જેટલું નુકસાન કર્યું હતું. ત્યારબાદ આરોપીએ ગેટ ઉપર ઉભેલા જનરલ સુપરવાઈઝર ભાઈરામભાઈ જોષી ઉપર મારી નાખવાના ઈરાદે તેના ઉપર ગાડી ચડાવી શરીરે મૂંઢ ઈજા પહોંચાડી આરોપી સ્થળ પરથી નાસી ગયો હતો. હાલ સમગ્ર બનાવ અંગે તાલુકા પોલીસ દ્વારા આ મામલે આરોપી સામે બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જામનગર શહેર મહિલા કોંગ્રેસ દ્વારા બિહારના મુખ્યમંત્રીના મુસ્લિમ યુવતીના હિજાબ ખેંચવાના મામલે વિરોધ પ્રદર્શન

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર શહેર મહિલા કોંગ્રેસ દ્વારા બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર દ્વારા એક મુસ્લિમ મહિલાનો હિજાબ ખેંચવાનો પ્રયત્ન કરાયો હતો, જે મામલે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

શહેર મહિલા કોંગ્રેસના કાર્યકરો આજે રેલી સ્વરૂપે જામનગર જિલ્લા કલેક્ટરની કચેરીએ પહોંચ્યા હતા, અને બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આ મામલે માફી માંગે, તેવી માંગણી સાથે હાથમાં બેનર પોસ્ટર રાખીને વિરોધ પ્રદર્શન કર્યું હતું, અને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

ચકચારી દુષ્કર્મ કેસમાં પીડિત મહિલાને ધમકાવવા પ્રયાસઃ પોલીસમાં અરજી

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં બહુચર્ચિત દુષ્કર્મ કેસ મામલે નવો વળાંક આવ્યો છે. આ કેસમાં પીડિતાને ધમકાવવાનો પ્રયાસ થયો હોવાનું સામે આવ્યું છે. દુષ્કર્મ અંગે નોંધાવેલી ફરિયાદનો ખાર રાખીને મુખ્ય આરોપીના ભાઈ દ્વારા ધમકી આપવામાં આવી હોવાનો પીડિતા દ્વારા આરોપ કરાતા ખળભળાટ મચી ગયો છે. જે મામલે આરોપીના ભાઈ સામે પોલીસમાં અરજી કરાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જામનગરમાં ઉદ્યોગપતિ વિશાલ મહેન્દ્રભાઈ મોદી સામે નોંધાયેલા દુષ્કર્મ કેસ મામલે પીડિતાને ધમકાવવાનો પ્રયાસ કરાયો હોવાના આરોપ સાથે પીડિતાએ આરોપીના ભાઈ અમર મહેન્દ્ર મોદી સામે સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી નોંધાવી છે. જેમાં જાહેર કરાયા અનુસાર આ ઘટના ૨૨ ડિસેમ્બર, ના રોજ રાત્રે આશરે ૮.૩૦ વાગ્યે બની હતી. પીડિતા પોતાના પુત્ર સાથે બહાર નાસ્તો કરવા ગઈ હતી. તે સમયે આરોપી વિશાલ મોદીનો ભાઈ અમર મહેન્દ્ર મોદી પોતાની કાર લઈને ત્યાં ધસી આવ્યો હતો.અમર મોદીએ પીડિતાની નજીક આવીને હાથથી ખરાબ ઈશારા કરીને તેને ધમકાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તે પોતાની ગાડી લઈને ત્યાંથી નાસી ગયો હતો.આ ઘટનાથી ગભરાયેલી પીડિતા તાત્કાલિક સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચી હતી. તેણે સિટી-બી ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર સમક્ષ સમગ્ર ઘટનાની લેખિત રજૂઆત કરી હતી.પીડિતાએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, તેણે અમર મોદીના ભાઈ વિશાલ મોદી સામે દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકી અંગે સિક્કા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેની તપાસ ચાલી રહી છે. આ ફરિયાદનો ખાર રાખીને અમર મોદીએ તેને ધમકાવી છે.

પ્રેમ, કરૂણા અને ત્યાગનો સંદેશો આપનાર ભગવાન ઈશુના જન્મના વધામણા કરાયા

મુખ્ય સમાચાર, રાજકોટ

પ્રેમ, કરુણા, ત્યાગ અને સેવાનો સંદેશ આપનાર ભગવાન ઈશુની જન્મજયંતી નિમિત્તે શહેરના તમામ ચર્ચોમાં રોશનીનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે અને ખ્રિસ્તી લોકોમાં પણ અનેરો ઉમંગ અને ઉત્સાહ છવાયો છે. આજે ૨૫ ડિસેમ્બરનો દિવસ છે અને આજનો દિવસ ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઇસુ ખ્રિસ્તના જન્મદિવસના અવસર પર ઉજવવામાં આવે છે ત્યારે રાજકોટ સહિત સમગ્ર દેશ અને દુનિયામાં તેની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ડિસેમ્બર મહિનાની શરૂઆત થતાની સાથે જ નાતાલની ભવ્ય ઉજવણીના ભાગરૂપે ચર્ચ તેમજ ખ્રિસ્તી સમાજના લોકો પોતાના ઘરમાં તૈયારીઓ શરૂ કરી દેતા હોય છે અને ક્રિસમસના અવસરને ધામધૂમથી ઉજવવા માટે આતુર જોવા મળતા હોય છે. નાતાલની ઉજવણી સમગ્ર દુનિયા સાથે મળીને કરે છે. પ્રભુ ઈસુ મુક્તિદાતા સમગ્ર માનવ જાતિના છે.

પ્રભુ ઈસુના જન્મના વધામણાં થયા ત્યારે ફરિસ્તાઓએ સમગ્ર દુનિયાના મુક્તિ દાતાનો જન્મ થયો છે. કોઈ વ્યક્તિ પરિવાર કે સમાજ નહિ પરંતુ સમગ્ર દુનિયાના સમગ્ર લોકો માટેના મુક્તિ દાતાનો જન્મ થયો છે. જે માણસો પોતાના કર્મના કારણે કે પોતે આચરતા પાપોના કારણે ગુલામીમાં રહેતા હોય, અંધકારમાં રહેતા હોય, બંધનમાં રહેતા હોય એવા બધા લોકોને પ્રકાશ તરફ દોરી જવા, મુક્તિ અપાવવા અને પરમપિતા પાસેથી અલગ થઇ ગયેલા દરેક વ્યક્તિને મુક્તિના દ્વાર ખોલી આપવા પ્રભુ ઈસુએ માનવ રૂપ ધારણ કર્યું છે. બ્રિટિશકાળમાં વર્ષ ૧૮૫૪ દરમિયાન રાજકોટ શહેરમાં મોચી બજાર ખાતે સૌરાષ્ટ્રના પ્રથમ ચર્ચની સ્થાપના કરવામાં આવી હતી જે રાજકોટમાં 'ઈમેક્યુલેટ કન્સેપ્શન ચર્ચ' તરીકે ઓળખાય છે. ૧૭૦ વર્ષ જૂના આ ચર્ચમાં મધર ટેરેસા પણ પધાર્યા હતા. આજે મધરાતે ૧૨ વાગ્યે પ્રથમ નાતાલના ગીતો-કુરબાનાથી ક્રિસમસનું સેલિબ્રેશન શરૂ કરવામાં આવ્યું હતું.

જેમાં નાના બાળકોથી લઇ વૃદ્ધો સહિત મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાર્થના કરી એક બીજાને મેરી ક્રિસમસ કહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉજવણી મોડી રાત સુધી રાજકોટના ચર્ચમાં ચાલુ રહી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

મુખ્ય સમાચાર
ચોથી જાગીરનો પડકાર
સાંધ્ય દૈનિક
THURSDAY 25/12/2025

શહેરના અલગ-અલગ ૧૨ સ્થળોએ દેશી-વિદેશી દારૂના હાટડા પર પીસીપી ટીમ ત્રાટકી

૩૬૨ લીટર દેશી દારૂ સહિત રૂ.૯૭૭૫૦નો મુદ્દામાલ કબ્જે કરી બે મહિલા સહિત ૧૨ શખ્સોની કરી ધરપકડ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં ખુણેખુણે દેશી દારૂના હાટડા ગૃહ ઉદ્યોગની માફક વિકસી રહ્યા છે ત્યારે પોલીસે પણ દેશી-વિદેશી દારૂના બુટલેગરો સામે લાલ આંખ કરી છે. નાતાલના તહેવારો પૂર્વે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની સુચનાથી ગુન્હાનિવારણ શાખાના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, પીઆઇ એમ.જે.હુણની સુચનાથી પીએસઆઇ પી.બી.ત્રાજીયા, એએસઆઇ સંતોષભાઇ, મયુરભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, ધનશ્યામસિંહ, હેડ કોન્સ.કિરતસિંહ, કરણભાઇ, યુવરાજસિંહ, દેવરાજભાઇ, વાલજીભાઇ સહિતના સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી શહેરમાં દેશી-વિદેશી દારૂના હાટડા ચલાવતા શખ્સો સામે ઘોષ બોલાવી હતી અને શહેરના અલગ-અલગ ૧૨ જેટલા સ્થળોએ દરોડા પાડી બે મહિલા સહિત ૧૨ શખ્સોને રૂ.૯૭ હજારના મુદ્દામાલ સાથે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી હતી.

જેમાં રૂડા ઇન્ડટ્રીઝ એરીયામાં હિતેષ ઉર્ફે હિતો હિંમત માત્રાણીયા (રહે.વૃંદાવન સોસાયટી મેઇન રોડ)ને ૧૫ લીટર દેશી દારૂ, રૈયાધાર મફતીયા પરામાં જયા રાયધન સાડમીયાને ૧૦ લીટર દેશી દારૂ, હરેશ વસરામ સાડમીયાને ૧૫ લીટર દેશી દારૂ, વિનોદ તરસિંહ ઝાલાને ૧૦ લીટર દેશી દારૂ, કેકેવી હોલ પાસે રાજુ ગોંવિદ મકવાણાને ૫૦ લીટર દેશી દારૂ, નાનામૌવા આંબેડકરનગરમાં અજય દિનેશ પરમારને ૧૦ લીટર દેશી દારૂ, ભીમનગર પાસે અજીત સુરા વાઘેલાને ૧૦ લીટર દેશી દારૂ, ખોખળદર નદીના પુલ પાસે શ્રીહરી ઇન્ડટ્રીઝ એરિયામાં વનરાજ સવસી કોલાદરાને ૫૦ લીટર દેશી દારૂ, ભીમનગરમાં વિજય હંસરાજ રાઠોડને ૧૦ લીટર દેશી દારૂ, ૮૦ ફૂટ રોડ પર આજી નદીના કાંઠે વિશાલ રાયધન સિંઘવને ૧૫૦ લીટર દેશી દારૂ, અટીકા ઇન્ડટ્રીઝ એરિયામાં ધાખી દાના હાદાણીને ૧૦ લીટર દેશી દારૂ, માંડાડુંગર ખાણ પાસે રવિ દિનેશ બાહુકીયાને ૨૨ લીટર દેશી દારૂ સાથે ઝડપી લઇ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી રોડ પર શાંતિકુજ સોસાયટીમાં શેઠના મકાનમાંથી રૂ.૧૭.૬૦ લાખની ચાંદી ચોરનાર નોકર ઝડપાયો

ડીસીપી ઝોન-૧ એલસીબીની ટીમે સામાકાંઠે થયેલી ચાંદીના દાગીનાની ચોરીનો ભેદ ઉકેલી રૂ.૧૫.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરના સામાકાંઠે મોરબી રોડ પર સેટેલાઇટ ચોક પાસે આવેલ શાંતિકુજ સોસાયટીમાં રહેતા ચાંદીના વેપારીના બંધ મકાનમાંથી રૂ.૧૭.૬૦ લાખના ચાંદીના દાગીના ચોરી કરનાર આરોપીને ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમે દબોચી લઇ ચોરીનો ભેદ ઉકેલી નાખી રૂ.૧૫.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મોરબી રોડ પર સેટેલાઇટ ચોક પાસે શાંતિકુજ સોસાયટી મકાન નં.૨૩માં રહેતા રાહુલભાઇ ઘોડીરામ સાવંત નામના વેપારીએ ગઇ તા.૧૭-૧૨-૨૦૨૫ના બી ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી કે, તેઓના મકાનમાંથી રૂ.૧૭.૬૦ લાખના ચાંદીના દાગીનાની ચોરી ચાંદી કામ કરતા આવતો વિજય નટુ નાગાણી (રહે.વેલનાથપરા, શેરી નં.૬, મોરબી રોડ) કરીને નાસી ગયો હોવાની ફરીયાદના પગલે સ્થાનિક પોલીસ અને ડીસીપી ઝોન-૧ એલસીબી ટીમના પીએસઆઇ એમ.કે,મૌવલીયા, એએસઆઇ મનરૂપગીરી, હેરશભાઇ પરમાર, હેડ કોન્સ. હિતેષભાઇ, જગદીશસિંહ, રવિરાજભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ટીમને હકિકત મળી હતી કે, ચોરી કરનાર શખ્સ ભગવતીપરાના રેલ્વેના પુલ નીચે નદી કાંઠે હોવાની હકિકત મળતા ટીમ ઉપરોક્ત સ્થળે દોડી જઇ વિજય નટુ નાગાણીની અટકાયતમાં લઇ આકરી પુછપરછ કરતા તેણે કબુલ્યુ હતું કે, તેના શેઠ રાહુલભાઇના મકાનમાંથી ચાંદીની કડલી તથા પ્લેટો ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે કુલ રૂ.૧૫.૯૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

હૃદયરોગના હુમલાનો ખતરો યથાવતઃ બે માનવ જિંદગી ધબકારા ચુકી ગઈ

રાજકોટમાં વધુ બે લોકોના હૃદય રોગના હુમલાથી મોત નીપજ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં દિલ્હીથી કોસ્મેટીકના માર્કેટિંગ માટે રાજકોટ આવેલા દિલ્હીના વેપારી અને અન્ય પ્રોઢાનું હૃદય રોગના હુમલાથી મોત નીપજતા અરેરાટી મચી જવા પામી છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ દિલ્હીમાં રહેતા રમેશભાઈ ચુંગામલભાઈ રહેજા નામના ૭૨ વર્ષના વૃદ્ધ ગઈકાલે રાજકોટમાં બસ સ્ટેશન પાસે આવેલી સમ્રાટ હોટેલમાં હતા ત્યારે છાતીમાં દુખાવો ઉપડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી વૃદ્ધનું હૃદય રોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી પ્રાથમિક પૂછપરછમાં રમેશભાઈ રહેજાને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે રમેશભાઈ રહેજા દિલ્હીમાં કોસ્મેટિકનો વેપાર કરે છે અને ગઈકાલે અમદાવાદથી ઉઘરાણી અને માર્કેટિંગ માટે રાજકોટ આવ્યા હતા અને સમ્રાટ હોટલમાં રોકાણ કર્યું હોવાથી જાણવા મળ્યું છે. બીજા બનાવમાં ભગવતીપરા વિસ્તારમાં આવેલા જયપ્રકાશનગરમાં રહેતા એમુનાબેન હનીફભાઈ શાહમદાર નામના ૫૮ વર્ષના પ્રોઢા રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં માતમ છવાયો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મકાન પચાવી પાડવા રચાયેલું 'ષડયંત્ર ઊંધુ પડ્યું, પોલીસ તપાસમાં અરજદારે જ દસ્તાવજો બનાવટી બનાવ્યા

રૈયાધાર વિસ્તારનો બનાવઃ કલેક્ટરમાં લેન્ડગ્રેબિંગની અરજી કરનાર શખ્સ સામે પોલીસે જ નોંધ્યો ગુનો

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં રૈયાધાર વિસ્તારમાં આવેલું એક મકાન પચાવી પાડવા માટે રચવામાં આવેલું શખસનું કાવતરું નિષ્ફળ ગયું છે. દેવા ટોળીયા નામના શુ અન્યનું શું છે મુછાનું પોતાનું અર્ને સોસાયટીના કાગળોમાં ગંભીર છેડછાડ કરી કલેક્ટર કચેરીમાં લેન્ડગ્રેબિગની અરજી કરી હતી. જોકે, તપાસ દરમિયાન તમામ દસ્તાવેજો નકલી હોવાનું સામે આવતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધ્યો છે

આ અંગેની હકિકત મુજબ, આરોપી દેવા મચ્છાભાઈ ટોળીયાએ રાજકોટ કલેક્ટર કચેરીમાં લેન્ડગ્રેબિગની અરજી કરી હતી. આ અરજીની તપાસ પશ્ચિમ એસીપી કચેરીના મદદનીશ પોલીસ કમિશનરના રાઈટર બ્રિજરાજસિંહ ઝાલાને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન અરજદાર દેવા અને સામે પક્ષે તેજસભાઈ જાટીયાએ પુરાવા તરીકે એપ્રિલ-મે ૨૦૨૩ના લાઈટ બિલ રજૂ કર્યા હતા. આશ્ચર્યની વાત એ હતી કે બંનેના બિલમાં ગ્રાહક નંબર એક જ હતો, પરંતુ નામો અલગ-અલગ હતા.

પોલીસે આ શંકાસ્પદ બિલની પીજીવીસીએલ પાસે ખરાઈ કરાવતા જાણવા મળ્યું કે, વીજ જોડાણ ખરેખર તેજસભાઈના નામે છે અને દેવા ટોળીયાએ ઓનલાઈન બિલમાં એડિટિંગ કરીને પોતાનું નામ ઘુસાડી દીધું હતું. એટલું જ નહીં, આરોપીએ બિલ પર પીજીવીસીએલના સિક્કા પણ ખોટી રીતે મારેલા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. અન્યના મકાનને પોતાનું બતાવી વેરા આકારણી કરાવી હતું.

તપાસમાં બહાર આવ્યું કે, દેવા ટોળીયાએ વસ્તાભાઈ ડુંગા નામના વ્યક્તિનું મકાન વેરા વસુલાત અધિકારીને બતાવીને વેરા પહોંચ મેળવી લીધી હતી. આ માટે તેણે રાજ રાજેશ્વરી પાર્ક સોસાયટીના નકલી શેર સર્ટિફિકેટ અને પ્રોપર્ટીના અન્ય બનાવટી કાગળો ઊભા કર્યા હતા. અન્યની મિલકતને પોતાની સાબિત કરવા માટે આરોપીએ સરકારી તંત્રને ગેરમાર્ગે દોરવા તમામ હદો વટાવી હતી.

એસીપીની ટીમે ઊંડાણપૂર્વક તપાસ કરતા માલુમ પડ્યું કે આરોપીએ લેન્ડગ્રેબિગના કાયદાનો દુરુપયોગ કરી મકાન પડાવી લેવા માટે આખું ષડયંત્ર રચ્યું હતું. આ મામલે એસીપી કચેરીના હેડ કોન્સ્ટેબલ બ્રિજરાજસિહ ઝાલા પોતે ફરિયાદી બન્યા છે. ગાંધીગ્રામ પોલીસે આરોપી દેવા મચ્છા ટોળીયા વિરુદ્ધ સામે લેન્ડગ્રેબિગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

જામનગરના નિવૃત્ત પીઆઇ પર ટ્રેનમાં હુમલો કરી લૂંટ ચલાવનાર લીંબડી પાસેથી ઝડપાયો

બીડી પીવાની ના પાડતા માથામાં બોટલ ફટકારી બે મોબાઇલ ફોન લૂંટી લીધાઃ ટ્રેનમાં અધવચ્ચે ઉતરી અન્ય વાહનમાં ભાગવાની ફિરાકમાં હતો ને રાજકોટ રેલવે પોલીસે બનાવના ત્રણેક કલાક બાદ જ લીંબડીથી દબોચી લીધો

મુખ્ય સમાચાર, રાજકોટ

જામનગરની જયપ્રકાશ સોસાયટીમાં રહેતા નિવૃત્ત સીપીઆઈ ધર્મેન્દ્રસિંહ અનોપસિંહ જાડેજા (ઉ.વ.૭૭) પર બુધવારે વહેલી સવારે જામનગરથી વડોદરા જતી ઈન્ટરસિટી ટ્રેનમાં હુમલોકરીને બે મોબાઈલ ફોનની લૂંટ ચલાવનાર પંજાબના ધોલપુરના શખસને રાજકોટ રેલવે પોલીસે સતર્કતા દાખવી ઘટનાના ત્રણેક કલાકના સમયગાળામાં જ લીંબડી નજીકથી દબોચી લઈ હુમલા અને લૂંટનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ નિવૃત્ત સીપીઆઈ અમદાવાદ કોર્ટ મુદતે જવા આજે વહેલી સવારે જામનગરથી ઈન્ટરસિટી ટ્રેનમાં જવા નીકળ્યા હતા. સાથે બેસેલા મુસાફરે નિવૃત્ત પીઆઈ પાસેથી ફોન કરવા માટે ફોન માગ્યો હતો. અજાણ્યો શખસ હોવાથી ફોન આપવાની ના કહી હતી. જેથી ઉશ્કેરાઈ ગયો અને અપશબ્દો કહી મારા મારી કરી બે મોબાઈલ ફોન વૃધ્ધ નિવૃત્ત પીઆઈના હાથમાંથી આંચકી લીધા હતા.

આરોપી ચાલુ ટ્રેન દરમિયાન વહેલી સવારે ટ્રેનમાં રહેલી આગ બૂઝાવવા માટેની લોખંડની બોટલ કપાળના ભાગે નિવૃત્ત પીઆઈને ફટકારી દઈને હુમલો કર્યો હતો. વૃધ્ધ લોહિયાળ હાલતમાં બેશુધ્ધ બની ગયા હતા. કપાળ, માથા અને પેટના ભગે ઈજા થઈ હોવાથી રાજકોટ રેલવે સ્ટેશને ટ્રેન પહોંચતા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવ સંદર્ભે રાજકોટ રેલવે પોલીસના ઈન્ચાર્જ ડીવાયએસપી એચ.એમ. રાણા, પીએસઆઈ બી.એસ. જાડેજા,જે.એમ. પરમાર, મધુરાજસિંહ જાડેજા તથા સ્ટાફ ઘટનાની ગંભીરતાને લઈને હુમલાખોર લૂંટારાને શોધવા એક્ટિવ થયો હતો. આરોપીએ નિવૃત્ત પોલીસ ઓફિસરના બન્ને ફોન લૂંટી લીધા હતા જે ફોન લોકેશન ટ્રેસ કરાયા હતા.

આરોપીનું રનિંગ લોકેશન મળતું હતું. ટીમ લીંબડી નજીકથી આરોપી પંજાબના શખસ એ દિશામાં પીછો કરી શોધમાં લાગી હતી. નિશાંત સિંધ ગુલજાર સિંઘને વતન તરફ ભાગે એ પૂર્વે જ દબોચી લીધો હતો. રાજકોટ લઈ આવી ધરપકડ કરાઈ છે. આરોપીને ઝડપી પાડવા સ્ટાફના વનરાજભાઈ, મનસુખભાઈ, કાંતિલાલ, સાગરભાઈ, અનિલભાઈ જોડાયા હતા. આરોપી જામનગરમાં કંપનીમાં નોકરી કામ માટે આવ્યો હતો. જ્યાં મેળ ન પડતા વતન ધોલપુર માટે ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યો હતો. માથાકૂટ કરતા રસ્તામાં ઉતરી અન્ય વાહનમાં જતો હતો. ભાડૂ ન હોવાથી વાહનધારક લીંબડી નજીક ઉતારી દીધો અને પાછળ રહેલી રેલવે પોલીસની ટીમે પકડી પડયો હતો.

સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પિરસાતા ભોજનમાં જીવાત

બે દિવસ બાદ ફરી વિદ્યાર્થીઓનો સુવિધા બાબતે હોબાળોઃ હોસ્ટેલના ચેરમેનને પણ ભોજન ખવડાવી અનુભવ કરાવ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ પર આવેલી સરકારી સમરસ હોસ્ટેલમાં પીરસાતુ ભોજન બિનઆરોગ્યપ્રદ હોવાની વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ ગઇકાલે હોબાળો મચ્યો હતો. આ બાદ મહાપાલિકાના આરોગ્ય વિભાગે હોસ્ટેલના સ્સોડામાં ચેકીંગ કર્યું હતું, જેમાં ખાદ્ય પદાર્થો હાલ તો યોગ્ય લાગ્યા છે પરંતુ રસોડામાં આરોગ્યપ્રદ અને હાઈજેનીક સ્થિતિ ન હોવાથી ફૂડ વિભાગે નોટીસ આપ્યાનું જાણવા મળ્યું છે.

સરકારી સમરસ હોસ્ટેલમાં જમવાનુ યોગ્ય ગુણવતાનું ન હોવાની ફરિયાદ સાથે વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો અને સમાજ કલ્યાણ વિભાગને રજુઆત કરવામાં આવી હતી. આ બાદ મનપા આરોગ્ય વિભાગે સમરસ હોસ્ટેલના રસોડામાં ચેકિંગ તેમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતા ખાદ્યપ્રદાર્થનું રો-મટિરિયલ ચેક કરાતા તમામ સામગ્રી નિયમ મુજબ હોવાનું દેખાયું હતું. આમ છતાં રસોડામાં ભારે ગંદકી હોવાના કારણે કોન્ટ્રાકટરને હાઇજેનીક સ્થિતિ જાળવવા નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ફૂડ અને આરોગ્ય વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓએ પીવાની પાણી અને ખાદ્ય ખોરાક મુદ્દે હોબાળો મચાવ્યો હતો. જેના પગલે ફૂડ અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હોસ્ટેલમાં તપાસ કરતા મામુલ પડેલ કે, વિદ્યાર્થીઓને અપાતુ પાણી શુધ્ધ છે. તેવી જ રીતે રસોઈની સામગ્રીની ચકાસણી કરતા અનાજ સહિતની વસ્તુ પણ નિયમ મુજબ યોગ્ય ગુણવતાનું દેખાયું હતું. આથી ત્યા તૈયાર કરવામાં આવેલ રસોઇ અધિકારીઓએ પણ આરોગી હતી અને ચકાસણી કરતા સમરસ હોસ્ટેલમાં અપાતુ ભોજન ગુણવતા સભર હોવાનું બહાર આવ્યુ છે. પરંતુ રસોડામાં તપાસ કરતા અનેક જગ્યાએ ગંદકી જોવા મળી હતી. નિયમ મુજબ પુરતી સાફ સફાઈ થતી ન હોવાથી કોન્ટ્રાક્ટરને નોટીસ આપી હવે પછી આ પ્રકારની ફરિયાદ ઉભી થયે કડક પગલા લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. સમરસ હોસ્ટેલમાં ગઈકાલે ભોજન અને પીવાના પાણીનો મુદ્દે વિદ્યાર્થીઓએ વિરોધ કર્યો હતો પરંતુ સુત્રોએ એવું પણ જણાવ્યું હતું કે, હોસ્ટેલનો ભોજનાલયનો કોન્ટ્રાક્ટ અત્યાર સુધી રાજકોટની એજન્સી પાસે હતો. પરંતુ વિદ્યાર્થીઓની અનેક ફરિયાદો ઉઠયા બાદ તેમની પાસેથી કોન્ટ્રાક્ટ પરત લઇ તાપીની કંપનીને નવો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જેના લીધે પણ વિવાદ થયાનું ચર્ચાઇ રહ્યું છે. નવા કોન્ટ્રાક્ટર દ્વારા હાલ નિયમ મુજબ ભોજનાલય ચલાવવામાં આવી રહી છે. ચેકિંગ દરમિયાન વિદ્યાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવતા સ્ટાન્ડ હોવાનું જણાય આવ્યુ છે.

તેવી જ રીતે રસોઈમાં વપરાતા તમામ પ્રકારના રો-મટિરિયલ સ્ટાન્ડ અને ધારાધોરણ મુજબના હોવાનું જોવા મળ્યું છે. જેના લીધે નવા કોન્ટ્રાક્ટર દ્વારા નિયમ મુજબની કામગીરી થતી હોવાથી ફક્ત હાઇજેનિક અંતર્ગત નોટિસ આપી કડક સુચના આપવામાં આવી છે. છતાં સમરસ હોસ્ટેલ રાજય સરકાર હેઠળ આવતી હોય આ અંગે સરકારમાં પણ જાણ કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે. રાજકોટ મનપાની ટીમના ચેકીંગ ઉપરાંત સમાજ કલ્યાણ વિભાગ દ્વારા પણ આ અંગે તપાસ ચાલુ રાખવામાં આવી છે.

ભાયાવદરના મયુરનગરમાં ચાલતી જુગાર કલબ ઝડપાઇઃ રૂ.૧ લાખની રોકડ સાથે ૬ ઝબ્બે

મુખ્ય સમાચાર, રાજકોટ

ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મયુરનગરમાં ચલાતી જુગાર કલબ પર સ્થાનિક પોલીસે દબોડો પાડી જુગાર રમતા ૬ શખ્સોને દબોચી લઇ રોકડ તથા વાહનો સહિત રૂ.૨.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ભાયાવદર પોલીસ મથકના પીઆઇ વી.સી.પરમાર અને તેની ટીમના એએસઆઇ અરૂણભાઇ, રોહિતભાઇ, હેડ કોન્સ. મહેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, મયુરનગરમાં રહેતો અતુલ માવજી વાછાણી નામનો શખ્સ પોતાના આર્થીક ફાયદા માટે બહારથી માણસો બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગાર કલબ ચલાવતો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો અતુલ વાછાણી, ચંદ્રેશ જયંતી વાછાણી, દિનેશ શાંતિ કનેરીયા, હિરેન રમણીક માકડીયા, જયેશ ગોરધન ભાલોડીયા, કિશોર લક્ષ્મણ માકડીયા સહિત ૬ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧ લાખ તથા વાહનો અને મોબાઇલ સહિત કુલ રૂ.૨.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

વાવડીમાં ૨૦ ઝુપડા પર બુલડોઝર ફેરવી દેવાયુંઃ ૫૦ કરોડની જમીન ખૂલ્લી કરાવાઈ

વાવડીમાં સરકારી ખરાબાની જમીનમાં બની ગયેલી ઝુપડપટ્ટી ઉપર કલેક્ટર તંત્રએ બુલડોઝર ફેરવી ૫૦ કરોડની કિંમતી જમીન ખૂલ્લી કરાવી છે જ્યારે વાઈબન્ટ સમિટના કારણે હિરાસર એરપોર્ટથી બેડી ચોકડી સુધી હાઈવે ઉપર થયેલા દબાણો પણ તોડી પાડવામાં આવ્યા છે. તાલુકા મામલતદાર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે, વાવડી ગામના સર્વે નં. ૧૪૯ની ૫૦૦૦ ચોરસ મીટર જમીનમાં છેલ્લા બે વર્ષથી ૨૦ ઝુપડાનું દબાણ હોય આસામીઓને સરકારી જમીન ખાલી કરવા નોટિસ ફટકારવામાં આવી હતી. આમ છતાં પણ સરકારી જમીન ખાલી કરવા આપવામાં આવેલી મુદત દરમિયાન જમીન ખાલી નહીં કરતા તાલુકા મામલતદારની ટીમે પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશન કર્યું હતુ. ખાલી કરવામાં આવેલી જમીનની બજાર કિંમત ૫૦ કરોડ આસપાસ હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. મોરબી રોડ ઉપર આવેલી મારવાડી કોલેજ ખાતે આગામી જાન્યુઆરી મહિનામાં યોજાનાર વાઈબન્ટ સમિટમાં સંભવીત વડાપ્રધાન સહિત વિદેશના લોકો આવનાર હોવાથી હિરાસર એરપોર્ટથી બેડી ચોકડી સુધી હાઈવે ઉપર ચા-પાનની કેબીન, શેડ, ઝુંપડા સહિતના ઝુપડા સહિતની દબાણ હટાવ ઝુંબેશ છેલ્લા ચાર દિવસથી કરવામાં આવે છે.

જામનગરમાં ભાજપના પૂર્વ અગ્રણીના બે પુત્રો પર હિચકારો હુમલો

ઈજાગ્રસ્ત બન્ને ભાઈઓને ગંભીર હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા

મુખ્ય સમાચાર, જામનગર



જામનગરમાં પંચવટી સોસાયટી વિસ્તારમાં રહેતા અને શહેર ભાજપના પૂર્વ અગ્રણી હોદ્દેદાર સ્વ. મહિપતસિંહ પરમાર ના બે પુત્ર અનિરુદ્ધસિંહ મહિપતસિંહ પરમાર તેમજ અમરદીપસિંહ મહિપતસિંહ પરમાર સવારે ૧૧ વાગ્યા ના અરસા માં શાકમાર્કેટ વિસ્તારમાં પોતાના ગયા હતા, જે દરમિયાન વાહન ખસેડવા બાબતે સ્થાનિક ત્રણ.થી ચાર શખ્સો સાથે બોલાચાલી થઈ હતી, અને વાતાવરણ ઊગ્ર બની ગયું હતું, દરમિયાન તમામ શખ્સોએ ઉશ્કેરાટમાં આવી જઈ બંને ભાઈઓ પર તિક્ષણ ધારદાર હથિયાર ના ઘા મારીને ઈજાગ્રસ્ત બનાવી દેતાં બંને ભાઈઓને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ બનાવની જાણ થવાથી પોલીસ સ્ટાફ ઘટના સ્થળે અને જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો છે, અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ ચલાવાઈ રહી છે.મળતી માહિતી મુજબ ઈજાગ્રસ્ત બંને ભાઈઓ ના કાકા શાક માર્કેટ માં શાકભાજી લેવા માટે ગયા હતા .ત્યારે કોઈ રીક્ષા ચાલક સાથે વાહન સાઈડમાં લેવા બાબતે ઝગડો થતા મામલો ગરમાયો હતો. આથી કાકાએ મોબાઇલ ફોન થી જાણ કરતા બંને ભત્રીજા ઓ ત્યાં દોડી ગયા હતા .ત્યારે રિક્ષા ચાલક અને તેના પુત્ર સહિત અન્ય લોકોએ બંને ભાઈ ઓ ઉપર છરી વડે હુમલો કરી દીધો હતો આ બનાવવા ની જાણ થતા જ પોલીસ કાફલો.પણ દોડી ગયો હતો. અને બનાવ અંગે ગુનો નોંધી.ને તપાસ હાથ ધરી છે.

શાસ્ત્રીનગરમાં શ્વાનને ભગાડવા બાબતે વૃદ્ધ પર પિતા-પુત્રનો હૂમલો

મુખ્ય સમાચાર, રાજકોટ

શાસ્ત્રીનગરમાં રહેતા અને ઈંટના ભઠ્ઠાનું કામ કરતા મુકેશભાઈ નરશીભાઈ આશીયાણી (ઉ.વ. ૫૯)એ યુનિવર્સિટી પોલીસ મથકમાં આરોપી તરીકે વિશ્વરાજસિહ લખધીરસિહ જાડેજા અને તેના પિતા લખધીરસિંહ જાડેજા વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મંગળવારે સાંજના મુકેશભાઈ પુત્રવધુ પૂજાબેનને બાઇક પર બેસાડી રૈયાધાર બંસીધર પાર્ક સામે આવેલા પોતાના ઈંટના ભઠ્ઠે મુકવા ગયા હતા. પુત્રવધુ જ્યારે ભઠ્ઠા પાસે ઉતરીને ઘર તરફ ચાલતા જતા હતા, ત્યારે રસ્તામાં કૂતરાઓ તેમની પાછળ દોડયા હતા. આ જોઈ મુકેશભાઈએ કૂતરાઓને ત્યાંથી ભગાડયા હતા. કૂતરા ભગાડવાની આ બાબત ત્યાં હાજર વિશ્વરાજસિહ જાડેજા નામના શખ્સને ગમી ન હતી અને તેણે મુકેશભાઈ સાથે સાથે ઝઘડો શરૂ કર્યો હતો. આ દરમિયાન વિશ્વરાજસિહના પિતા લખધીરસિંહ જાડેજા પણ ત્યાં ધસી આવ્યા હતા અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. મુકેશભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા લખધીરસિંહે ઈંટ મુકેશભાઈના માથામાં ઝીંકી દીધી હતી. ત્યાર-બાદ પિતા-પુત્ર બંનેએ ભેગા મળી વૃદ્ધને ઢીકાપાટુનો માર માર્યો હતો. લોકોના ટોળા એકઠા થતા હુમલાખોર પિતા-પુત્ર ''હવે પછી કૂતરા ભગાડયા છે તો તને જાનથી મારી નાખીશું' તેવી ધમકી આપી નાસી છૂટયા હતા. બનાવ અંગે પોલીસે પિતા-પુત્ર વિરુધ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

દુકાનદારે પાંચ ગ્રાહકોની સોલારની ૨.૪૭ લાખની સબસિડીની કરી છેતરપીંડી

સબસીડી જમા ન થતા તપાસ દરમિયાન દુકાને તાળા લટકતા નોંધાવી ફરિયાદ

મુખ્ય સમાચાર, રાજકોટ

કોઠારીયા રોડ પર શ્રીજી ઇલેક્ટ્રીક દુકાન ચલાવતા શખ્સે પાંચ લોકો સાથે સોલાર પેનલ નખાવી આપી અને બાદમા સબસીડીનાં રૂપીયા ૨.૪૭ લાખ પડાવી લેતા પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે. આ શખ્સે આ પ્રકારે હજુ કેટલા લોકો સાથે છેતરપીંડી કરી છે તે અંગે પણ તપાસ ચાલી રહી હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

રાજકોટના કોઠારિયા રોડ સાંઈબાબા સર્કલ પાસે શ્રીજી ઈલેક્ટ્રિક દુકાનના માલિક આચરેલી ઢગાઈ સંદર્ભે દિનેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના ઘરે સોલાર પેનલ નાખવાની હોય જેથી તેમણે કોઠારિયા રોડ સાંઈબાબા સર્કલ પાસે શ્રીજી ઈલેક્ટ્રિક દુકાનવાળા મંથન દિનેશભાઈ સતાસિયાની દુકાને જઈ સોલાર પેનલ નાખવા બાબતે વાતચીત કરતા આ મંથનભાઈએ તેના ઘરે ૩.૨૪ કિલો/વોટ સોલાર પેનલ ફિટ કરી આપવાના રૂ૧.૫૪ લાખ કિંમત થશે જેમાં ૩.૭૮ હજારની સબસિડી સરકારની પીએમ સૂર્યઘર યોજના અંતર્ગત મળવા પાત્ર હોય જે પોતે જ મંજૂર કરી આપશે તેમ વાત કરતા પોતે આ મંથનભાઈના એકાઉન્ટમાં રૂ૧.૫૪ લાખ આપી દીધા હતા.

ત્યારબાદ તેણે આશરે ત્રણેક મહિના પછી બધું કામ પૂરું કરેલ અને સોલાર પેનલ સબસિડી રૂ. ૭૮ હજાર હજુ પણ ખાતામાં જમા ન થતાય મંચનભાઈની દુકાને જઈ તપાસ કરતાં તેમની દુકાનને તાળાં માર્યા હતા. આ ઉપરાંત ફોન પણ બંધ આવતો હોઈ જેથી વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે, આ મંથને તેમના જ શેરીમાં રહેતા લીલાવ-તીબેન તથા આ બાબતે સોલાર પેનલ ફિટ કરવા આવેલ લાલજીભાઈ તથા વિશાલભાઈને પૂછતાં તેણે પણ જણાવ્યું કે, આ મંચને લાલજીભાઈના તથા વિશાલભાઈના મામા કાનજીભાઈ સિંધવ સહિત ૫ વ્યક્તિના ઘરે સોલાર પેનલ ફીટ કરી સબસિડી પોતે ઓળવી ગયો હતો.